RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 417 Dt. 02-09-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# આતંકની ઈકોસિસ્ટમ નાબૂદ કરો : વડાપ્રધાન

## આતંકવાદ મુદ્દે ડબલ સ્ટાન્ડર્ડ તો.. SCO સમિટમાં PMએ નામ લીધા વિના પાકિસ્તાનને સંભળાવ્યું



નવી દિલ્હી, તા.૧

SCO સમિટમાં પીએમ મોદીએ આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કડક શબ્દોમાં કહ્યું કે આતંકની ઈકોસિસ્ટમને નાબૂદ કરવી પડશે. આતંકવાદને નાબૂદ કરવાની જરૂર છે. એક સ્વરમાં થઈને બોલવુ પડશે આતંકવાદ માટે ડબલ સ્ટાન્ડર્ડ નહી ચલાવી લેવાય.

કિર્ગિસ્તાનના બિશ્કેકમાં ૨૬મા શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતના પ્રાદેશિક અને વ્યૂહાત્મક હિતોને રજૂ કર્યા.આ. સમિટમાં પીએમ મોદીએ આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો.

પીએમ મોદીએ કહ્યું કે આતંકની ઈકોસિસ્ટમને નાબૂદ કરવી પડશે. આતંકવાદને નાબૂદ કરવાની જરૂર છે. એક સ્વરમાં થઈને બોલવુ પડશે આતંકવાદ માટે ડબલ સ્ટાન્ડર્ડ ન હોઈ શકે. આ ઉપરાંત તેમણે કહ્યું કે આતંકવાદની ફંડિંગ રોકવી પડશે. આતંકીઓને પોષનારા માટે કડક મેસેજ જવો જોઈએ. કેટલાક લોકો આતંકવાદને રણનીતિક ભાગ સમજીને ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ આતંકવાદ ક્યારેય રણનીતિનો ભાગ રહ્યું નથી.

SCO સમિટ દરમિયાન બોલતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, ''આ ત્રણ સ્તંભો માટેના વિઝનથી આગળ વધવાનો અને તેમને નક્કર પરિણામોમાં અનુવાદિત કરવાનો સમય આવી ગયો છે. અને આ માટે સૌથી મોટી જરૂરિયાત શાંતિ અને સુરક્ષા છે. આતંકવાદ આજે પણ સમગ્ર માનવતા માટે એક ગંભીર પડકાર છે. તેની સામેની લડાઈમાં, આપણે આપણી જાતને 'ક્રિયા-પ્રતિક્રિયા' માનસિકતા સુધી મર્યાદિત રાખી શકીએ નહીં.''

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ડ્રગ્સની હેરફેર માત્ર એક ગુનો નથી પરંતુ યુવા પેઢી અને પ્રાદેશિક સુરક્ષા માટે એક ગંભીર ખતરો છે. તેમણે સુરક્ષા જોખમો, સંગઠિત અપરાધ, માહિતી સુરક્ષા અને માદક દ્રવ્યો જેવા પડકારોનો સામનો કરવા માટે SCO હેઠળ સ્થાપિત થઈ રહેલા કેન્દ્રોને એક સકારાત્મક પગલું ગણાવ્યું. પીએમ મોદીએ ભાર મૂક્યો હતો કે આ કેન્દ્રોને વ્યવહારિક સંકલન અને સમયસર કાર્યવાહી માટે અસરકારક સાધન બનાવવા જોઈએ. SCO સમિટ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ અનેક વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરી. મંગળવારે, તેમણે પુતિન, જિનપિંગ અને અન્ય નેતાઓ સાથે ફોટો સેશનમાં ભાગ લીધો.

## IRGCના ઠેકાણા કર્યા તબાહ : યુએસ સેન્ટ્રલ કમાન્ડએ મંગળવારે રાત્રે સૈન્ય કાર્યવાહીની કરી પુષ્ટિ

# અમેરિકાએ ઈરાન પર ફરી વરસાવ્યા બોમ્બ

નવી દિલ્હી, તા.૧

અમેરિકાએ ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ સંબંધિત ઠેકાણાઓ પર વિનાશક હવાઈ હુમલા કર્યા છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડએ મંગળવારે રાત્રે આ સૈન્ય કાર્યવાહીની પુષ્ટિ કરી છે. આ હુમલાના જવાબમાં ઈરાને પણ અમેરિકી નૌકાદળના યુદ્ધ જહાજો તરફ એન્ટી-શિપ મિસાઈલો છોડી હોવાના અહેવાલ છે.

સેન્ટકોમના જણાવ્યા અનુસાર, આ હુમલા મંગળવારે બપોરે ૧૨ વાગ્યે (ઈસ્ટર્ન ટાઈમ) શરૂ કરવામાં આવ્યા હતા. અમેરિકાનો દાવો છે કે, હોર્મુઝની સાધનસામગ્રી અને દરિયાઈ માર્ગો પર વેપારી જહાજો તેમજ વિસ્તારમાં તૈનાત યુએસ સૈનિકો પર IRGC દ્વારા કરવામાં આવેલા હુમલાના જવાબમાં આ સૈન્ય કાર્યવાહી કરવામાં આવી છે.

આ હુમલાઓને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના વરિષ્ઠ



અધિકારીઓની એ યોજના સાથે જોડીને જોવામાં આવી રહ્યા છે, જેમાં હોર્મુઝ ક્ષેત્રમાં મર્યાદિત સૈન્ય હુમલા કરવાનો વિચાર કરાઈ રહ્યો હતો. અમેરિકી અધિકારીઓના જણાવ્યા મુજબ, આ કાર્યવાહીનો મુખ્ય હેતુ ઈરાનને તેના રડાર અને મિસાઈલ સિસ્ટમને ફરીથી મજબૂત કરતા રોકવાનો છે, જેથી તે તેલ ટેન્કરો, યુએસ નેવીના યુદ્ધ જહાજો અને યુએસ એરફોર્સના વિમાનો પર હુમલા ન કરી શકે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ તેલ પરિવહન માર્ગોમાંથી એક છે. અહીં કોઈ પણ મોટો સૈન્ય સંઘર્ષ વૈશ્વિક તેલ પુરવઠા, શિપિંગ અને ગ્લોબલ એનર્જી માર્કેટ પર સીધી અને ગંભીર અસર પાડી શકે છે.

### ઈરાનનો પલટવારઃ બંદર અબ્બાસ નજીક વિસ્ફોટ

બીજી તરફ, ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સી ઈર્છ્ઈઈ અનુસાર, ઈરાનના બંદર અબ્બાસના પૂર્વ વિસ્તારમાં ભારે વિસ્ફોટોના અવાજ સંભળાયા છે. અમેરિકી હુમલાના જવાબમાં ઈરાને પણ અમેરિકી નૌકાદળના યુદ્ધ જહાજોને નિશાન બનાવીને એન્ટી-શિપ મિસાઈલો છોડી છે, જેનાથી પશ્ચિમ એશિયામાં યુદ્ધનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

# વિકાસ દર ૭.૮ ટકા મુદ્દે કોંગ્રેસનો પ્રહાર

## ૪૦ ટકા ગ્રેજ્યુએટ્સ બેરોજગાર અને મોંઘવારીએ ૧૯ મહિનાનો રેકોર્ડ તોડ્યો : ખડગે



નવી દિલ્હી, તા.૧

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો જીડીપી(GDP) ગ્રોથ રેટ ૭.૮% નોંધાતાં દેશમાં રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. પીએમ મોદીએ આ આંકડાઓને દેશવાસીઓની સામૂહિક તાકાતનું પરિણામ ગણાવીને પ્રશંસા કરી હતી. બીજી તરફ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર આકરા પ્રહારો કરતાં આરોપ લગાવ્યો છે કે સામાન્ય જનતા આજે પણ બેરોજગારી, મોંઘવારી અને આર્થિક અસમાનતાથી પીડાઈ રહી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને લખ્યું કે જ્યારે અર્થતંત્રની વાત આવે છે ત્યારે પીએમ મોદી માત્ર પ્રચાર પર ધ્યાન આપે છે. તેમણે દાવો કર્યો કે દેશના સામાન્ય લોકો '૩ ઞ'થી પરેશાન છે - એટલે કે અનપ્રિસિડેન્ટેડ બેરોજગારી (પહેલા ક્યારેય ન જોઈ હોય એવી બેરોજગારી), અનબિયરેબલ મોંઘવારી (અસહ્ય મોંઘવારી) અને અનબ્રાઇડલ્ડ અસમાનતા (નિયંત્રણ વગરની અસમાનતા). ખડગેએ જણાવ્યું કે ૫૦ વર્ષમાં બેરોજગારી સૌથી ઉચ્ચ સ્તરે છે અને ગ્રેજ્યુએટ થયેલા ૪૦ ટકા યુવાનો બેરોજગાર ફરી રહ્યા છે.

મોંઘવારી અંગે વાત કરતાં ખડગેએ જણાવ્યું કે રિટેલ ફુગાવો ૧૯ મહિનાની ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યો છે. ખાંડ, ડુંગળી, ટામેટાં, દાળ, ચોખા અને દૂધ જેવી દૈનિક જરૂરિયાતની વસ્તુઓ સામાન્ય લોકોની પહોંચ બહાર થઈ રહી છે. તે ઉપરાંત તેમણે અસમાનતા અંગે સરકારને ઘેરતાં કહ્યું કે, 'દેશની ૪૦% સંપત્તિ માત્ર ૧% અમીરો પાસે છે. ૨૦૧૪થી અત્યાર સુધીમાં સરકારે ૧૬ લાખ કરોડ રૂપિયાથી વધુના કોર્પોરેટ દેવા હિસાબમાંથી માંડી વાળવામાં આવ્યા છે.'

### પીએમ મોદીએ જીડીપી ગ્રોથને દેશની સફળતા ગણાવી

કોંગ્રેસના આક્ષેપો સામે પીએમ મોદીએ ૭.૮%ના જીડીપી ગ્રોથને દેશની મોટી સિદ્ધિ ગણાવી હતી. તેમણે એક વીડિયો સંદેશમાં કહ્યું કે વૈશ્વિક પડકારો, યુદ્ધની સ્થિતિ અને સપ્લાય ચેઇનની વિક્ષેપિત પરિસ્થિતિઓ વચ્ચે પણ ભારત અર્થતંત્રના ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યું છે. કેટલાક લોકો દેશમાં નિરાશા ફેલાવવાનું કામ કરી રહ્યા છે, પરંતુ ભારતની જનતાની મહેનત અને મજબૂત ઇચ્છાશક્તિને કારણે દેશે આ મોટી સફળતા મેળવી છે.

## બાંગ્લાદેશની જબરી રણનીતિ!

# ચીનથી ખરીદશે ૧૨૭% મોંઘી વીજળી

## ભારતના નજીવા ચાર્જ સામે વાંધો, પ્રતિ યુનિટના ભારતને ૧૧ ટકા અને ચીનને ૧૨૭ ટકા



નવી દિલ્હી, તા.૧

બાંગ્લાદેશની વીજળી નીતિમાં ભારત પ્રત્યે સ્પષ્ટ ભેદભાવ જોવા મળી રહ્યો છે. ભારતે જ્યારે વીજળીના દરમાં પ્રતિ યુનિટ માત્ર ૧ પૈસાનો નજીવો વધારો કર્યો ત્યારે ઢાકાએ તેનો વિરોધ કર્યો હતો. જોકે, હવે તારિક રહેમાનની સરકાર એક ચીની કંપની પાસેથી પ્રતિ યુનિટ ૨૫ ટકા ચૂકવીને વીજળી ખરીદવા જઈ રહી છે. આ કંપની કચરામાંથી વીજળી બનાવવાનું કામ કરશે.

સમગ્ર ગણતરી સમજીએ તો બાંગ્લાદેશ અત્યાર સુધી ભારતને વીજળી માટે પ્રતિ યુનિટ ૧૧ ટકા ચૂકવતું હતું. તેની સરખામણીએ ચીન દ્વારા આપવામાં આવેલો દર ૧૨૭% જેટલો વધારે છે, કારણ કે ચીને કચરામાંથી બનતી વીજળી માટે બાંગ્લાદેશ પાસે પ્રતિ યુનિટ ૨૫ ટકાનો દર માંગ્યો છે.

હાલમાં એક ટકાની કિંમત આશરે ૦.૭૭ ભારતીય રૂપિયા બરાબર છે, પરંતુ આ સરખામણીને સમજવા માટે સંદર્ભ જાણવો જરૂરી છે. ઢાકાના અમીનબજારમાં ચાલી રહેલો આ પ્રોજેક્ટ ભારત દ્વારા બાંગ્લાદેશને અપાતા મોટા પાયાના વીજ પુરવઠાનો વિકલ્પ બની શકે તેમ નથી. આ ચીની પ્રોજેક્ટ ઘણો નાનો છે, જેની ક્ષમતા માત્ર ૪૨ ખઠ છે અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઢાકાના વધતા કચરાની સમસ્યાનો ઉકેલ લાવવાનો છે. આ વિરોધાભાસ એવા સમયે સામે આવ્યો છે જ્યારે બાંગ્લાદેશ ગંભીર વીજ કટોકટી, ગેસ સપ્લાયમાં અવરોધ અને લાંબા પાવર કટ સામે ઝઝૂમી રહ્યું છે, તેમજ દેશમાં વીજ કાપ સામે લોકો રસ્તા પર ઊતરીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

આ અંતર ત્યારે વધુ સ્પષ્ટ બન્યું જ્યારે બાંગ્લાદેશે સરહદ પાર વીજ વ્યવહાર માટે ભારતના પ્રસ્તાવિત 'સેટલમેન્ટ નોડલ એજન્સી' (SNA) ચાર્જ સામે વાંધો ઉઠાવ્યો હતો. ૨૪ ઓગસ્ટે ભારતે બાંગ્લાદેશને પૂરી પડાતી વીજળી પર પ્રતિ યુનિટ ૦.૦૦૫ રૂપિયાનો જીઝ્રછ ચાર્જ લગાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (CERC)ના નિર્ણય બાદ આવ્યો હતો.

શરૂઆતમાં આ ચાર્જ ૦.૦૧ રૂપિયા હતો પરંતુ બાંગ્લાદેશના વાંધા બાદ અડધો કરાયો હતો. જીઝ્રછ ચાર્જ વાસ્તવમાં વીજળીની મૂળ કિંમત નથી, પરંતુ સરહદ પાર વીજળીના ટ્રાન્સમિશન, શેડ્યુલિંગ, મીટરિંગ અને ગ્રીડ ઓપરેશન સંબંધિત સેવાઓનો નજીવો ખર્ચ છે. આ જ કારણથી અમીનબજાર પ્રોજેક્ટ માટે પ્રતિ યુનિટ ૨૫ ટકા ચૂકવવાની ઢાકાની તૈયારી ખાસ ચર્ચાનો વિષય બની છે. અલબત્ત, આ બંને શુલ્કની સીધી સરખામણી અયોગ્ય છે કારણ કે ભારતનો જીઝ્રછ ચાર્જ માત્ર ટ્રાન્ઝેક્શન ખર્ચ છે, જ્યારે ૨૫ ટકા એ વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટનો સંપૂર્ણ ટેરિફ છે.

## કોલકાતા, મુંબઈ, કેરળના ઍરપોર્ટ પરથી ૬૫ કરોડનું ૪૨ કિલો સોનું જપ્ત, ૨૫ ની ધરપકડ

# સોનાની તસ્કરી સામે DRIની કાર્યવાહી

નવી દિલ્હી તા. ૦૧

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) એ સંગઠિત સોનાની તસ્કરી સામે કડક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં દેશભરમાં ગુપ્ત માહિતીના આધારે DRIએ શ્રેણીબદ્ધ ઓપરેશન્સ હાથ ધરીને કુલ રૂ.૬૫ કરોડથી વધુની કિંમતનું ૪૨ કિલોગ્રામથી વધુ વિદેશી મૂળનું સોનું અને લગભગ ૧૦ કિલોગ્રામ ચાંદી જપ્ત કરવામાં આવી છે. સમગ્ર મામલે ઉઇર્છ્ઈએ ૫ વિદેશી નાગરિકો સહિત ૨૫ વ્યક્તિઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઓપરેશન્સથી વિવિધ અને અત્યાધુનિક મોડસ ઓપરેન્ડી ખુલ્લી પડી છે. જેમાં ખાસ બનાવવામાં આવેલા વાહનોના ખાંચામાં સોના-ચાંદી છુપાવવું, શરીરમાં છુપાવવું, ટ્રાન્ઝિટ મુસાફરો અને ઍરપોર્ટ કર્મચારીઓનો ઉપયોગ કરવો અને જમીની તથા દરિયાકાંઠાના માર્ગો દ્વારા તસ્કરી કરવાનો સમાવેશ થાય છે.

ગત ૨૮/૨૯ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ ઉઇર્છ્ઈએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ ખાતે વિદેશી મૂળના સોનાની તસ્કરીમાં સામેલ એક સુસંગઠિત સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો. આ સિન્ડિકેટમાં દુબઈ, બેંગકોક અને માલે સહિતના સ્થળોએથી મુંબઈ થઈને ટ્રાન્ઝિટ કરતા વિદેશી નાગરિકો, તેમજ મુંબઈ ખાતે તસ્કરી કરાયેલા સોનાને ગુપ્ત રીતે બહાર કાઢવામાં મદદ કરનાર ઍરપોર્ટ સ્ટાફનો એક સભ્ય સામેલ હતો. જેમાં મીણના સ્વરૂપમાં ૬.૮૫ કિલોગ્રામ ૨૪-કેરેટ સોનાની ધૂળ ધરાવતી કુલ ૧૬ કેપ્સ્યુલ રિકવર કરીને જપ્ત કરવામાં આવી હતી.

આ ઓપરેશનમાં છ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં મુંબઈ થઈને ટ્રાન્ઝિટ કરી રહેલા પાંચ વિદેશી નાગરિકો અને એક ઍરપોર્ટ સ્ટાફ સભ્યનો સમાવેશ થાય છે. સંગઠિત નેટવર્ક્સ તસ્કરી કરાયેલા સોનાને ગુપ્ત રીતે બહાર કાઢવા માટે ટ્રાન્ઝિટ રૂટ્સ અને ઍરપોર્ટ કર્મચારીઓનો




વધુને વધુ ઉપયોગ કરી રહ્યા હોવાનું છતું થયું છે.

ગત ૨૯ ઑગસ્ટના રોજ કોલકાતાના ગર્જીઈઈ ઍરપોર્ટ ખાતે ગુપ્ત માહિતીના આધારે કરાયેલા બે અલગ-અલગ ઓપરેશન્સમાં આરોપી સોનાની તસ્કરી કરતાં સિન્ડિકેટનો ભાગ હોવાની શંકાના આધારે DRIના અધિકારીઓએ અનુક્રમે બેંગકોક અને દુબઈથી મુસાફરી કરી રહેલા બે મુસાફરોને અટકાવ્યા હતા. જેમાં દુબઈથી આવતા બે મુસાફરો વાળા એક કેસમાં, બે મુસાફરોના અન્ડરગાર્મેન્ટ્સ અને જીન્સમાં સોનું ધરાવતી અર્ધ-પ્રવાહી પેસ્ટ છુપાયેલી મળી આવ્યા બાદ ૪.૮૭ કિગ્રા સોનું રિકવર કરવામાં આવ્યું હતું. આ સામગ્રીને ઓગાળીને બાર (પાટ) સ્વરૂપે મેળવેલ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. કસ્ટમ્સ ઍક્ટ, ૧૯૬૨ની સંબંધિત જોગવાઈઓ હેઠળ બંને મુસાફરોની ધરપકડ કરવામાં આવી હતી.

અન્ય એક કેસમાં બેંગકોકથી આવતી ફ્લાઈટમાં એક મુસાફર પાસેથી ૧૧ કાચી ચેઇનના સ્વરૂપમાં ૩.૩૬ કિગ્રા વિદેશી મૂળનું સોનું રિકવર કરવામાં આવ્યું હતું, જે તેને ગ્રીન ચેનલ ક્રોસ કરવા માટે બીજા મુસાફર દ્વારા આપવામાં આવ્યું હોવાનું કહેવાય છે. બંને મુસાફરોની ધરપકડ કરવામાં આવી હતી.

તે જ દિવસે, અન્ય એક કેસમાં DRIએ ૧૫.૬૧ કિલોગ્રામ વજનના વિદેશી મૂળના સોનાના ૧૨૫ બાર (પાટ) જપ્ત કર્યા હતા. નડિયાદ જિલ્લાના બાાનપુર ગામમાં એક મહિલાના રહેણાંક પરિસરમાં સરપ્રાઇઝ સર્ચ દરમિયાન બોર્ડર સિક્યોરિટી ફોર્સ(BSF)ના જવાનો દ્વારા ઇઘઙ ટુંગી ખાતેથી તે રિકવર કરવામાં આવ્યું હતું. ઉઇર્છ્ઈ દ્વારા તપાસ દરમિયાન મહિલાએ ઘરના પુરુષો સાથે કથિત તસ્કરીની પ્રવૃત્તિમાં પોતાની સંડોવણી કબૂલી હતી. કસ્ટમ્સ ઍક્ટ, ૧૯૬૨ની સંબંધિત જોગવાઈઓ હેઠળ મહિલાની ધરપકડ કરવામાં આવી હતી.

૨૯ ઑગસ્ટના રોજ કેરળમાં બે અલગ-અલગ ઓપરેશન્સમાં DRI કોચીન ઝોનલ યુનિટ અને તેના કાલીકટ રિઝનલ યુનિટે અનુક્રમે રાસ અલ ખૈમાહ અને જેદ્દાહથી આવતા મુસાફરોને અટકાવ્યા હતા. કોચીન ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર રાસ અલ ખૈમાહથી આવતા એક મુસાફરના શરીર પર છુપાવેલી કમ્પાઉન્ડ સ્વરૂપમાં સોનાની બે પેકેટમાંથી ૧.૭૮ કિલોગ્રામ સોનું કાઢવામાં આવ્યું હતું. મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી.

કાલીકટ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર ઉઇર્છ્ઈ અધિકારીઓએ એર ઇન્ટેલિજન્સ યુનિટ સાથે મળીને જેદ્દાહથી આવતા એક મુસાફર દ્વારા લાવવામાં આવેલી ઇસ્ત્રીના ભારે એલોય ભાગની અંદર ખાસ બનાવેલા ખાંચામાં છુપાવેલું ૨૪-કેરેટ વિદેશી મૂળનું ૫૪૯ ગ્રામ સોનું શોધી કાઢ્યું હતું. કસ્ટમ્સ ઍક્ટ, ૧૯૬૨ હેઠળ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું અને મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી.

## રાજકોટમાં કૃષિ ક્રાંતિનો આલેખાયો નવો અધ્યાય

# ગોડાઉન સહાય યોજના-કૃષિ માળખાકીય સુદ્રઢીકરણ પર યોજાયો સેમિનાર

### સહકારી મંડળીઓની સાધારણ સભામાં જિલ્લા રજિસ્ટ્રાર ડો. બિમલકુમાર પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) યશવંત દુધાત્રા અને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (ગ્રાહક) એન.ડી. ચાવડા ખાસ ઉપસ્થિત રહીને '૨૫% ગોડાઉન સહાય યોજના' અને કૃષિ માળખાકીય સુદ્રઢીકરણ પર આપ્યું માર્ગદર્શન

રાજકોટ, તા.૧

ગુજરાતનો ખેડૂત આર્થિક રીતે સદ્ધર અને આત્મનિર્ભર બને તે દિશામાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આવી જ શ્રુંખલામાં રાજકોટ જિલ્લામાં કૃષિ અને સહકાર ક્ષેત્રના સમન્વય થકી ગ્રામીણ અર્થતંત્રને નવી દિશા આપવા માટે એક ભગીરથ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કાર્યરત જૂથ સેવા સહકારી મંડળીઓની વાર્ષિક સાધારણ સભાઓ માત્ર ઔપચારિક ન રહેતા, ખેડૂતોના ઉત્કર્ષ માટેના એક વૈચારિક અને માર્ગદર્શક મંચ તરીકે ઉભરી આવી છે.

સળંગ ત્રણ દિવસ સુધી ચાલેલા આ જ્ઞાનવર્ધક અને જાગૃતિ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લાની પ્રતિષ્ઠિત સહકારી મંડળીઓની સાધારણ સભાઓ યોજાઈ હતી. જેમાં ૨૯મી ઓગસ્ટે ખીરસરા (રણમલજી) જૂથ સેવા સહકારી મંડળી લી., ૩૦મીએ ભંડારીયા સેવા સહકારી મંડળી લી. અને ૩૧મીએ ખોરાણા જૂથ સેવા સહકારી મંડળી લી.ની બેઠકો મળી હતી.

મહત્વપૂર્ણ બેઠકોમાં વહીવટી તંત્રનું સીધું માર્ગદર્શન ખેડૂતોને મળે તે હેતુથી જિલ્લા રજિસ્ટ્રાર ડો. બિમલકુમાર પટેલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) યશવંત દુધાત્રા અને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (ગ્રાહક) એન.ડી. ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ સહકારી પ્રવૃત્તિઓ થકી સંગઠનની શક્તિ અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનું તલસ્પર્શી વિશ્લેષણ રજૂ કર્યું હતું.

કાર્યક્રમના અંતે જિલ્લા રજિસ્ટ્રારએ ગ્રામીણ માળખાકીય સવલતો વધારવા અને સભાસદોના સર્વાંગી આર્થિક વિકાસ માટે સહકારી મંડળીઓને સક્રિય અને પરિણામલક્ષી યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. આ ત્રણેય બેઠકોમાં મંડળીઓના હોદ્દેદારો, સંચાલક મંડળના સભ્યો અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂત સભાસદોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સૌએ એકી અવાજે આ યોજનાઓનો મહત્તમ લાભ લઈ પોતાના ગામ અને કૃષિ ક્ષેત્રને નવી ઊંચાઈ પર લઈ જવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.



















### ખેડૂતો માટે પોતાની સંગ્રહ શક્તિ (ગોડાઉન) શા માટે અત્યંત અનિવાર્ય છે?

લણણીના સમયે બજારમાં અનાજ કે અન્ય ખેતપેદાશોની અતિશય આવક થવાથી ભાવ તળિયે બેસી જાય છે. પરિણામે, ખેડૂતોએ મજબૂરીવશ સસ્તા ભાવે પોતાનો પરસેવો વેચવો પડે છે. સેમિનારમાં આ વાસ્તવિકતા પર પ્રકાશ પાડતા સમજાવવામાં આવ્યું કે જો ખેડૂત પાસે પોતાનું વૈજ્ઞાનિક ઢબે બનાવેલું ગોડાઉન હોય, તો તે આ ''મજબૂરીના વેચાણ'' (ઉશતચિંતત જ્યહહશક્ષલ) ને અટકાવી શકે છે. તે સિવાય ગોડાઉનના લાભો પર નજર કરીએ તો, પાકનો સુરક્ષિત સંગ્રહ કરીને જ્યારે બજારમાં અનુકૂળ અને પોષણક્ષમ ભાવ મળે ત્યારે જ વેચાણ કરી શકાય છે.વૈજ્ઞાનિક ઢબે ગોડાઉન હોવાથી ભેજ, જીવાત, ઉંદર અને કમોસમી વરસાદ કે અણધાર્યા હવામાન જેવા પરિબળોથી પાકને ૧૦૦% રક્ષણ મળે છે. ગોડાઉનમાં માત્ર ખેતપેદાશો જ નહીં, પરંતુ ખેતી માટે જરૂરી ખાતર અને બિયારણ જેવા એગ્રીકલ્ચર ઇનપુટ્સનો પણ યોગ્ય સમયે સ્ટોક કરી શકાય છે, જેનાથી બજારની કૃત્રિમ અછત, ભાવબાંધણા અને આર્થિક શોષણથી બચી શકાય છે.

### '૨૫ ટકા ગોડાઉન મૂડી સહાય યોજના' ખેડૂતો -સંસ્થાઓ માટે આર્થિક સંજીવની

આ પ્રસંગે રાજ્ય સરકારની અત્યંત મહત્વકાંક્ષી '૨૫ ટકા ગોડાઉન મૂડી સહાય યોજના' અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન અને માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ૫૦ થી ૧૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા ધરાવતા અદ્યતન ગોડાઉનના નિર્માણને પ્રોત્સાહન આપવાનો છે. કોણ અને કેવી રીતે આવી ગોડાઉન સહાય યોજનાનો લાભ લઈ શકે ? તેવા ઉપસ્થિત થતા પ્રશ્ન જવાબમાં નિરાકરણ મળ્યું હતું કે, પોતાની જમીન ધરાવતા ખેડૂતો, ખેડૂત સહકારી સંસ્થાઓ અને અડખઈ આ યોજનાનો લાભ લઈ શકે છે.માન્ય બેંકમાંથી લોન મંજૂર કરાવીને ગોડાઉનનું બાંધકામ કરવા પર કુલ મૂડી ખર્ચના ૨૫ ટકા મુજબ સહાય (સબસીડી) ચૂકવવામાં આવે છે. વ્યક્તિગત ખેડૂતો માટે મહત્તમ રૂ. ૫.૦૦ લાખ અને સહકારી સંસ્થાઓ તેમજ અડખઈ માટે મહત્તમ રૂ. ૩.૫૦ લાખની સબસીડી મર્યાદા નક્કી કરવામાં આવી છે. લાભાર્થીએ 'આઈ-ખેડૂત' પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહે છે. બેંક વેરીફિકેશન અને જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા બાદ, ઉઇઝ (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) પદ્ધતિ મારફતે બે સરળ હપ્તામાં સહાયની રકમ સીધી જ લાભાર્થીના લોન ખાતામાં જમા થઈ જાય છે.

---

# નિયમો નેવે મુકનાર સાહુકારો સામે તંત્ર આકરા પાણીએ

### જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા ૪૪૦ને કારણદર્શક નોટિસ : ૨૯ના લાયસન્સ રદ




રાજકોટ, તા. ૧

રાજકોટ જિલ્લામાં સામાન્ય નાગરિકોનું આર્થિક શોષણ અટકાવવા અને નાણાકીય શિસ્ત જાળવવાના વહીવટી ઉદ્દેશથી 'ગુજરાત નાણાં ધીરધાર કરનારા અધિનિયમ, ૨૦૧૧ અને નિયમો, ૨૦૧૩' ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરાવવા જિલ્લા રજીસ્ટ્રાર કચેરી દ્વારા સઘન અને પરિણામલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા રજિસ્ટ્રાર ડો. બિમલકુમાર એન. પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ સહકારી અધિકારી (ધીરધાર) વી. વી. જાડેજા તથા તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આકસ્મિક અને સર્વગ્રાહી તપાસ દરમિયાન નિયમોના ગંભીર ઉલ્લંઘન સામે આવ્યા છે. તંત્ર દ્વારા કાયદાકીય મર્યાદાઓનું પાલન ન કરનારા કુલ ૪૪૦ શાહુકારોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે, જ્યારે ગંભીર પ્રકારની ગેરરીતિઓ બદલ ૨૯ શાહુકારોના લાયસન્સ રદ કરવાની આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

કાયદાની વૈધાનિક જોગવાઈઓ અનુસાર તમામ લાયસન્સધારક શાહુકારોએ દર માસની ૧ થી ૫ તારીખ દરમિયાન ધિરાણ લોનની વિગતો દર્શાવતું નિયત નમૂના નંબર-૧૧ નું પત્રક સરકારી ઓનલાઇન પોર્ટલ પર ફરજિયાત અપલોડ કરવાનું રહે છે. આ ઉપરાંત જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા હાથ ધરાયેલી ચકાસણીમાં છેલ્લા ૩ વર્ષના નાણાકીય હિસાબો, ઓડિટ રિપોર્ટ તેમજ આવક-જાવકના વ્યવહારો મંગાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન મોટાભાગના શાહુકારો પોર્ટલ પર સમયસર વિગતો અપલોડ કરવામાં અને નિયમ મુજબ હિસાબોનું ઓડિટ કરાવવામાં નિષ્ફળ નિવડ્યા હોવાનું સામે આવ્યું છે. આ બેદરકારી બદલ નિયમભંગ કરનારા તમામ ૪૪૦ શાહુકારોને દિન-૧૫ માં ખુલાસો કરવા આદેશ અપાયો છે. નિયત સમયમર્યાદામાં સંતોષકારક ખુલાસો નહિ મળે તો લાયસન્સ કાયમી ધોરણે રદ કરવા સહિતની કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સમગ્ર રાજકોટ જિલ્લામાં હાલમાં કુલ ૫૩૮ ધિરાણ લાયસન્સ કાર્યરત છે, જે પૈકી ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૬૮ શાહુકારોની પ્રત્યક્ષ સ્થળ ચકાસણી કરવામાં આવી છે અને ૧ શાહુકાર સામે ગંભીર ગેરરીતિ બદલ કોર્ટ કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લામાં તાલુકાવાર લાયસન્સધારકોની વિગત જોઈએ તો સૌથી વધુ રાજકોટ તાલુકામાં ૪૦૬ લાયસન્સધારકો નોંધાયેલા છે. આ ઉપરાંત ઉપલેટામાં ૫૨, જેતપુરમાં ૩૦, ગોંડલમાં ૨૧, જામકંડોરણામાં ૮, ધોરાજીમાં ૭, જસદણમાં ૬, કોટડાસાંગાણીમાં ૩, લોધિકામાં ૨, પડધરીમાં ૨ અને વિંછીયા તાલુકામાં ૧ શાહુકાર નોંધાયેલ છે.

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા તમામ શાહુકારોને સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે જે શાહુકારોના ધંધાનું વાર્ષિક ટર્નઓવર શૂન્ય હોય તેમણે પણ નિયત સમયમર્યાદામાં 'નીલ પત્રક' કચેરી સમક્ષ અચૂક રજૂ કરવાનું રહેશે. સરકારી ધારાધોરણો અને નિયત વ્યાજદર કરતા વધુ વ્યાજ વસૂલતા કે ગેરકાયદેસર ધિરાણની પ્રવૃત્તિ આચરતા તત્વો સામે સામાન્ય જનતાના વ્યાપક હિતમાં આગામી દિવસોમાં પણ તંત્રની આ કડક કાનૂની ઝુંબેશ સતત ચાલુ રહેશે.

---

### અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ તથા ભૂચરમોરી ટ્રસ્ટ દ્વારા...

# ધ્રોલ ખાતે કાલે ૩૫મો ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ સમારોહ

### જૂના સ્મારક અને નવા સ્મારક ખાતે મહેમાનો દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશેઃ ત્યારબાદ યુવા સંઘ સ્મૃતિ હોલનું ઉદઘાટન

રાજકોટ, તા.૧

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ અને ભૂચરમોરી શહીદ સ્મારક ટ્રસ્ટ ધ્રોલ દ્વારા આયોજીત ૩૫મો ભૂચરમોરી શહીદ શ્રધ્ધાંજલી સમારોહ આગામી તા. ૦૩/૦૯/૨૬ ને ગુરૂવાર શીતળા સાતમ ના રોજ ધ્રોલ ભૂચરમોરી મેદાન ખાતે સવારના ૮-૦૦ થી બપોરના ૨-૦૦ સુધી યોજવામાં આવનાર છે. સતત ૩૫ વર્ષથી આ કાર્યક્રમ યોજાય છે. આ અંગેની વિસ્તૃત માહિતી આપવા કિશોરસિંહ જેઠવા(પાંડાવદર), કિરીટસિંહ જાડેજા(મોટાભેલ), કિશોરસિંહ જાડેજા(મુળીલા), હિતુભા ઝાલા(કોઠારિયા), સહદેવસિંહ જાડેજા(સણોસરા), નિર્મળસિંહ ઝાલા(નેકનામ) અને યશપાલસિંહ જાડેજા(રાવકી) આજે રાજકોટ મિરર કાર્યાલયની મુલાકાતે આવ્યા હતા.

ઉપરોક્ત તમામ આગેવાનોએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, સૌ પ્રથમ ૮-૦૦ કલાકે અશ્વ સ્પર્ધા યોજવામાં આવશે તેની સાથે નવા સ્મારક પાસે તલવારબાજી સ્પર્ધા પણ યોજવામાં આવશે. અશ્વ સ્પર્ધામાં ૪૦ જેટલા સ્પર્ધકો ભાગ લઈ રહેલ છે. જેના કન્વીનર સહદેવસિંહ જાડેજા ૯૭૨૫૯ ૪૦૭૭૭ તથા અર્જુનસિંહ જાડેજા દ્વારા યોજવામાં આવશે. તલવારબાજીમાં ૫૦ જેટલા દિકરીબાઓ અને દિકરાઓ ભાગ લઈ રહેલ છે જેના કન્વીનર કિશોરસિંહ જેઠવા ૯૯૨૫૨ ૪૮૨૫૧ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

સવારે ૧૦-૦૦ કલાકે જૂના સ્મારક અને નવા સ્મારક ખાતે મહેમાનો દ્વારા શહીદોને શ્રધ્ધાંજલી આપવામાં આવશે. ત્યારબાદ ૧૦-૧૫ કલાકે યુવા સંઘ સ્મૃતિ હોલનું ઉદઘાટન કરવામાં આવશે. ઈતિહાસ જ્ઞાન કસોટી-૩ ના ગુજરાતમાં પ્રથમ ૧ થી ૩ નંબરનો રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવશે. ધો. ૧૦ અને ૧૨ માં રાજપૂત સમાજમાં મેરીટમાં પ્રથમ નંબરે આવશે તેને પણ સન્માનીત કરાશે. ઘોડેસવારી અને તલવારબાજી સ્પર્ધામાં પ્રથમ ૧ થી ૩ નંબરે આવનારને રોકડ પુરસ્કાર ગીફટ તથા સર્ટીફીકેટ આપી સન્માનીત કરવામાં આવશે.

મહારાજા જામ સાહેબ સત્રુશૈલ્યસિંહજી જાડેજા દ્વારા ભૂચરમોરી શહીદ સ્મારક ટ્રસ્ટ ૧૧ લાખ ૫૧ હજારનું માતબર અનુદાન આપેલ છે. જેમાં જામનગર દિલીપસિંહ જેઠવા તથા ટીમનો ખૂબ જ સહયોગ રહેલ છે. ભોજન સમારંભના દાતા તરીકે ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) પૂર્વ મંત્રી દ્વારા અનુદાન આપેલ છે. યુવા સંઘ સ્મૃતિ હોલ માટે દેવેન્દ્રસિંહ ઝાલા (લાભુવા) યુપી તરફથી ૫ લાખ રૂપિયા તથા ૨ લાખ રૂપિયા કાર્યક્રમના આયોજન પેટે વધારાના આપેલ છે અને ડો. ધ્રુવકુમારસિંહ જે. જાડેજા જાબીડા તરફથી ૧,૧૧,૦૦૦/- અનુદાન યુવા સંઘ સ્મૃતિ હોલ પેટે આપવામાં આવેલ છે. અશ્વ સ્પર્ધા માટે સહદેવસિંહ ઝાલા-કારોલ, કિરણસિંહ જાડેજા તરફથી ૧,૦૦,૦૦૦/- નો સહયોગ મળેલ છે. ઈતિહાસ જ્ઞાન કસોટી ઈનામો માટે અ.ગુ.રા.યુવા સંઘ અને યુવા પાંખના હોદેદારો તરફથી ૧,૨૫,૦૦૦/- અનુદાન મળેલ છે.

આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૦૦૩ / ૨૦૦૭ માં બે વાર આવેલ હતા. આનંદીબેન પટેલના કાર્યકાળ દરમ્યાન સરકારે ફાળવેલ ૧૧ કરોડ રૂપિયા શહીદ વનનિર્માણ પેટે ફાળવેલ હતા. ભુપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રી તેમજ રાજય સરકારના ઘણા મંત્રીઓ તેમજ મહાનુભાવોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હાજરી આપેલ છે.

ભૂચર મોરી શહીદ સ્મારક ટ્રસ્ટ અને ઈતિહાસના જાણકાર ડો. જયેન્દ્રસિંહ જાડેજા ની રાહબારી નીચે રાજકોટના આગેવાનોમાં મુખ્યત્વે પી.ટી. જાડેજા આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ કિશોરસિંહ જેઠવા જીલ્લા પ્રમુખ રાજકોટ, કિરીટસિંહ જાડેજા (મોટાભેલા) પથુભા જાડેજા (ખોખરી) કનકસિંહ ઝાલા (બલાળા) શહેર પ્રમુખ હિતેન્દ્રસિંહ ઝાલા, (જડે.કોઠારીયા) અક્ષિતસિંહ જાડેજા હડમતીયા જં., સહદેવસિંહ જાડેજા સણોસરા, અર્જુનસિંહ જાડેજા જાબીડા, કિશોરસિંહ જાડેજા-મુળીલા, બળદેવસિંહ ગોહીલ-કુકડ, વી.પી. જાડેજા વિરપરડા, નિર્મલસિંહ ઝાલા નેકનામ, હિતેન્દ્રસિંહ ઝાલા ઈંગોરાળા વિગેરે પ્રેસની મુલાકાત લઈ સંપૂર્ણ કાર્યક્રમની માહિતી આપેલ હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અ.ગુ. રા.યુવા સંથના તમામ હોદેદારઓ જીલ્લા પ્રમુખ, મહિલા સંઘના તમામ હોદેદારો, યુવા પાંખના તમામ હોદેદારો તથા પ્રમુખો મુખ્ય આયોજન સમિતિના સદસ્યો, પ્રદેશ હોદેદારઓ અશ્વ સ્પર્ધા સમિતિ, તલવાર બાજી સ્પર્ધા સમિતિ, ઉતારા વિભાગ સમિતિ, ભોજન સમિતિ, ગ્રાઉન્ડ સમિતી, સ્ટેજ સંચાલન સમિતી, ધ્રોલ તાલુકાના અને શહેરના કાર્યકરો અને તેમની ટીમો દ્વારા અને સમગ્ર ગુજરાતની અ.ગુ.રા.યુવા સંઘના શહેર જીલ્લાના કાર્યકર્તાઓ સતત જહેમત ઉઠાવી રહેલ છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોમાં અધ્યક્ષસ્થાન માન. રાજસાહેબ કેસરીદેવસિંહજી ઓફ વાંકાનેર સંસદ સદસ્ય, રીવાબા જાડેજા રાજય શિક્ષણ મંત્રી, સંજયસિંહ મહીડા રાજય મહેસુલ મંત્રી રાઘવજીભાઈ પટેલ ધારાસભ્ય, પૂર્વ મંત્રી માન. રાજકુમાર દેવેન્દ્રસિંહ ઝાલા ઓફ લાભુવા (યુ.પી.) ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા), પૂર્વ મંત્રી જામનગર પ્રધુમનસિંહ એમ. જાડેજા, ધારાસભ્ય અબડાસા, મેઘજીભાઈ ચાવડા ધારાસભ્ય ધ્રોલ-જોડીયા કાલાવડ, પરિમલભાઈ પંડયા (ઈઅજ) કલેકટર જામનગર ઉપસ્થિત રહેવાના છે.

અન્ય માનવતા મહેમાનોમાં મહિપાલસિંહ ચુડાસમા ઈઅજ ખ.ઉ. ડ્રસ્ટઈક, મનોહરસિંહ જાડેજા ઈડ્જ જી અરવલ્લી, રાજેન્દ્રસિંહ જાડેજા ડ્ધ્ય. ટઈ મારવાડી યુનિવર્સીટી, મનોહરસિંહ આસોદરીયા ડો. જયેન્દ્રસિંહ જાડેજા ખ.ઉ., પી.ટી. જાડેજા આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ, પી.એસ. જાડેજા, પ્રધુમનસિંહ જાડેજા-ધ્રોલ, પથુભા જાડેજા-ધ્રોલ, રાજભા જાડેજા-મોટા વાગુદડ, મયુરધ્વજસિંહ જાડેજા-જેએમજે પ્રોજેકશન, બિપેન્દ્રસિંહ જાડેજા-કોંગ્રેસ, વિજયસિંહ જેઠવા-શહેર પ્રમુખ ભાજપ, વિરેન્દ્રસિંહ જાડેજા-કોંગ્રેસ પ્રમુખ, ગોવુભા જાડેજા, માધવરાજસિંહ જાડેજા (ભુણાવા), મહિપતસિંહ ચુડાસમા, હોટલ જયસન તખતસિંહ જાડેજા-જીલરીયા, એકતાબા સોઢા-ભાજપ, સહદેવસિંહ ઝાલા અને કિરણસિંહ જાડેજા પર્વ મેટલ-મેટોડા, અને સહદેવસિંહ જાડેજા, વિક્રમસિંહ રાણા-જયોતિ સીએનસી-મેટોડા, દિલુભા જાડેજા-મોરબી, ધર્મેન્દ્રસિંહ જાડેજા-દેડકદડ, પ્રવિણસિંહ વાઘેલા-ભાડેર, નરેન્દ્રસિંહ જાડેજા-રાજકોટ, સરદારસિંહ જાડેજા-ગીતા એન્જીનીયરીંગ, સી.આર. જાડેજા-વાડીનાર, સુરૂભા જાડેજા-ઝાખર, નરેન્દ્રસિંહ જાડેજા-ભણગોર, ભરતસિંહ જાડેજા-માજી સૈનિક મંડળ વિગેરે ઉપસ્થિત રહેનાર છે. જામ સાહેબ શત્રશૈલ્યસિંહજી ને પણ આમંત્રણ પાઠવેલ છે.



### ભૂચરમોરી સંપૂર્ણ ઈતિહાસ

વિ.સં. ૧૬૪૮ માં સૌરાષ્ટ્રનું સૌથી મોટુ યુધ્ધ, સૌરાષ્ટ્રના ધર્મ, સંસ્કૃતિ અને સ્વતંત્રતાની રક્ષા કાજે જામનગરના રાજવી જામ સતાજી અને અકબર બાદશાહ વચ્ચે ભૂચરમોરીના મેદાનમાં થયું હતું. એક શરણાર્થીની રક્ષા કાજે ધ્રોલ પાસે ભૂચરમોરીની જગ્યા પર ભીષણ યુધ્ધ થયેલું અને ક્ષત્રિયોની સાથે અન્ય જ્ઞાતિના લોકો પણ શહીદ થયેલ હતા. જે યુધ્ધ, શરણે આવેલ શરણાગતની રક્ષા કરવા માટે સમગ્ર દેશમાં થયેલું સૌથી મોટુ યુધ્ધ હતું. જેમાં હજારો લડવૈયાઓ શહીદ થયા હતા. આ યુધ્ધ પહેલા વિ.સં. ૧૬૩૦ માં જુનાગઢમાં અને વિ.સં. ૧૬૪૦ માં તમાચણમાં થયેલ યુધ્ધોમાં અકબરને જામ સતાજીએ ખૂબ સજ્જડ હાર આપી હતી. વિ.સં. ૧૬૩૦ માં અકબરની હાર, એ સમગ્ર દેશમાં અકબરને પહેલીવાર કોઈ રાજાએ હરાવ્યો હતો. ડો. જયેન્દ્રસિંહ જાડેજા, પી. ટી. જાડેજા, હનુમંતસિંહ જાડેજા, દિપકસિંહ ઝાલા, રૂદ્રતસિંહ વાઘેલા, દશરથબા પરમાર, જયશ્રીબા જાડેજા તથા મુખ્ય આયોજક કમીટી નિરૂભા ઝાલા, પ્રદેશ અધ્યક્ષ અને કન્વીનર, ગુમાનસિંહ ઝાલા, મનોહરસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ વાઘેલા, ગીરીરાજસિંહ જાડેજા આપ સર્વેને આ કાર્યક્રમ નિહાળવા માટે હાર્દિક આમંત્રણ પાઠવે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ વર્ષે ગુજરાત સરકાર ના રમત-ગમત વિભાગ વિભાગ દ્વારા ભૂચરમોરી ખાતે આયોજીત ઘોડેસવારી સ્પર્ધાને અધિકૃત રમત-ગમતમાં સમાવેશ કરવામાં આવે એવી દરખાસ્ત છે. તેથી આ દરખાસ્ત મંજુર થાય તો ભૂચરમોરી અશ્વ સ્પર્ધામાં વિજેતા થનાર સ્પર્ધકોને સરકાર તરફથી પણ શીલ્ડ, ઈનામો અને પ્રમાણપત્ર મળશે અને રાજય સ્તર અને રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધામાં પણ ભાગ લઈ શકશે. ૨૫ વર્ષોથી નિયમિત રીતે યોજાતી આ અશ્વ સ્પર્ધામાં ભાગ લેવા માટે પહેલેથી જ જાતિ કે ધર્મનો કોઈ ભેદભાવ નથી. કોઈપણ જ્ઞાતિના સ્પર્ધક ભાગ લઈ શકે છે તેવું ભૂચરમોરી શહિદ સ્મારક ટ્રસ્ટના કન્વીનર કિશોરસિંહ જેઠવાએ જણાવ્યું હતું.

### ચરર ચરર મારું ચકડોળ ચાલે, ચાકડૂચું ચીંચીં ચાકડૂચું ચીંચીં તાલે

# ‘વિરાસતથી વિકાસ’ ભાતીગળ મેળો ધમધમશે

## રેસકોર્સમાં આજથી મોજમસ્તીનો ધમધમાટ, એઆઈ અને ડ્રોનથી રખાશે ચાંપતી નજર

રાજકોટ, તા.૧

સૌરાષ્ટ્રના સૌથી મોટા અને લોકસંસ્કૃતિના પ્રતીક સમાન રાજકોટના સુપ્રસિદ્ધ લોકમેળાની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના સુચારુ માર્ગદર્શન હેઠળ રાજકોટ કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે ‘વિરાસતથી વિકાસ’ થીમ આધારિત આયોજિત આ રંગારંગ મેળો તા. ૨ થી ૬ સપ્ટેમ્બર સુધી યોજાશે. આજે સાંજે ૪:૩૦ કલાકે જિલ્લાના પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીના વરદહસ્તે લોકમેળાને ખુલ્લો મૂકવામાં આવશે. આ પ્રસંગે સાંસદો, ધારાસભ્યો અને તંત્રના ઉચ્ચ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે. ઉદઘાટન સમારોહમાં નેવી બેન્ડની મનોહર સુરાવલીઓ મુખ્ય આકર્ષણ જમાવશે.

મેળામાં કુલ ૨૨૮ સ્ટોલ અને પ્લોટમાંથી ૩૪ પ્લોટમાં નાવડી ઝૂલો, ફઝરફાળકા, બ્રેકડાન્સ અને ટોરાટોરા જેવી અવનવી યાંત્રિક રાઈડ્સ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત, ૧૭ આઈસ્ક્રીમ સ્ટોલ અને ખાણીપીણીના વિવિધ પ્લોટના માધ્યમથી વહીવટીતંત્રને રૂ. ૩૬૪ લાખની આવક થઈ છે. મેળાના પાંચેય દિવસ દરમિયાન લોકસંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ રમઝટ બોલશે. ભીડને નિયંત્રિત કરવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ વખતે પ્રથમ વાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સિસ્ટમ અને ડ્રોન કેમેરાથી રાઉન્ડ ધ ક્લોક નિરીક્ષણ કરવામાં આવશે.

આ વખતે લોકમેળામાં નાગરિકોના મનોરંજન માટે અવનવી રાઈડ્સ ગોઠવવામાં આવી છે. ખાસ કરીને સાહસ અને રોમાંચ પસંદ કરનારાઓ માટે નાવડીઝૂલો, વિહંગમ દ્રશ્ય આપતું ફેરીસ વ્હીલ (ફઝરફાળકા), સ્પીડ અને થ્રિલથી ભરપૂર બ્રેકડાન્સ અને ટોરા-ટોરા જેવી લોકપ્રિય રાઈડ્સ મેળાનું મુખ્ય આકર્ષણ બનશે. આજથી શરૂ થતા આ પાંચ દિવસીય લોકમેળામાં ગરબા, રમકડાં, ખાણી-પીણી અને રાઈડ્સની મોજ માણવા રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી જનમેદની ઉમટી પડશે.



### તંત્રની આયોજનબદ્ધ તૈયારીઓ અને સુરક્ષા ચક્ર

- ૧૨ કરોડનું વીમા કવચ : આકસ્મિક આપત્તિ સામે રૂ. ૧૦ કરોડનો પબ્લિક લાયબિલિટી વીમો અને રૂ. ૨ કરોડનો ઈવેન્ટ કેન્સિલેશન વીમો લેવાયો છે.
- સેન્ટ્રલ કંટ્રોલ રૂમ અને ડિઝાસ્ટર કોરિડોર : ચોવીસે કલાક અધિકારીઓના કો-ઓર્ડિનેશન માટે કંટ્રોલ રૂમ તેમજ કટોકટીના સમયે ઈમરજન્સી વાહનો માટે સ્પેશિયલ ’ડિઝાસ્ટર કોરિડોર’ બનાવાયો છે.
- મોકડ્રિલ અને તબીબી સેવાઓ : ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને ચછ્ઝ ટીમ દ્વારા સુરક્ષા ચકાસણી અર્થે સ્થળ પર મોકડ્રિલ હાથ ધરાઈ છે.
- ૧૪ પાર્કિંગ સ્થળો અને સતત સ્વચ્છતા : મુલાકાતીઓ માટે ૧૪ સ્થળે પાર્કિંગ વ્યવસ્થા અને મેળામાં રાઉન્ડ ધ ક્લોક સફાઈ ઝુંબેશ ચાલુ રહેશે.

# રિયલ એસ્ટેટ ધમધમ્યુંઃ ઓગસ્ટમાં ૧૪,૪૦૦ મિલકતોનું વેચાણ

## સરકારી તિજોરીને ૮૬.૭૯ કરોડની બમ્પર આવક



રાજકોટ, તા. ૧

રાજકોટ શહેર અને સમગ્ર જિલ્લામાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે અદ્ભુત તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગત ઓગસ્ટ-૨૦૨૬ માસ દરમિયાન સમગ્ર રાજકોટ જિલ્લામાં કુલ ૧૪,૪૫૩ મિલકતોના વેચાણ દસ્તાવેજો નોંધાયા છે. રાજકોટની હદ દિન-પ્રતિદિન ઉતરોત્તર વિસ્તરી રહી છે અને તેની સાથોસાથ ગ્રામ્ય પ્રજાનું શહેરીકરણ વધતાં જમીન-મકાન અને કોમર્શિયલ મિલકતોની ખરીદીનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે. જિલ્લાની ૧૮ સબ-રજિસ્ટ્રાર કચેરીઓમાં આ દસ્તાવેજોની નોંધણી થતાં રજિસ્ટ્રેશન ફી પેટે ૧૨,૨૧,૬૯,૩૪૦ અને સ્ટેમ્પ ડ્યૂટી પેટે ૭૪,૫૮,૫૨,૫૨૬ મળીને રાજ્ય સરકારને કુલ ૮૬.૭૯ કરોડની મજબૂત આવક થવા પામી છે, જે આ ક્ષેત્રમાં થઈ રહેલા કરોડોના ટર્નઓવરની સાક્ષી પૂરે છે.

મિલકતોના ખરીદ-વેચાણની દ્રષ્ટિએ રાજકોટ શહેરનો મોરબી રોડ વિસ્તાર સૌથી આગળ એટલે કે ઓલ-ટાઇમ ’એવરગ્રીન’ સાબિત થયો છે, જ્યાં સૌથી વધુ ૨,૫૩૭ મિલકતોનું વેચાણ થયું છે. આ સિવાય શહેરના પશ્ચિમ વિસ્તાર અને રિંગ રોડની આસપાસના વિસ્તારો જેવા કે મવડીમાં ૧,૨૧૫, રૈયા વિસ્તારમાં ૯૮૭, રાજકોટ-૧માં ૯૨૩, કોઠારીયામાં ૯૨૩, મવા વિસ્તારમાં ૯૦૦ અને રાજકોટ રૂરલમાં ૮૧૧ મિલકતોના સોદા પડ્યા છે. ખાસ કરીને નવા કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ્સ અને આઉટર રિંગ રોડ નજીકની જમીન-મકાનની ખરીદી માટે રોકાણકારો અને ઘર ખરીદનારાઓ માટે આ વિસ્તારો પહેલી પસંદગી અને હોટસ્પોટ બન્યા છે, જેના કારણે રિયલ એસ્ટેટ માર્કેટને સતત નવું ઇંધણ મળી રહ્યું છે.

બીજી તરફ, જો જિલ્લાના તાલુકા મથકોની વાત કરીએ તો ગોંડલ તાલુકામાં સૌથી વધુ ૧,૦૧૯ મિલકતોનું વેચાણ નોંધાયું છે. આ ઉપરાંત લોધિકા તાલુકામાં ૮૧૩, જેતપુરમાં ૬૯૯, કોટડા સાંગાણીમાં ૫૪૫, ઉપલેટામાં ૪૮૦, જસદણમાં ૪૭૧, પડધરી તાલુકામાં ૩૫૩, ધોરાજીમાં ૩૨૬, જામકંડોરણામાં ૮૫ અને વિંછિયા તાલુકામાં ૫૪ મિલકતોનું વેચાણ થવા પામ્યું છે. આમ, નવા નવા વિસ્તારોનો સમાવેશ થતાં અને સુવિધાઓ વધતાં રાજકોટ રિયલ એસ્ટેટ ક્ષેત્રે સમગ્ર સૌરાષ્ટ્રનું સૌથી મોટું અને મજબૂત હબ બનીને ઊભરી આવ્યું છે.

### સરકાર સાથેની પરિણામલક્ષી બેઠક બાદ નિર્ણય

# મહેસુલી કર્મચારીઓનું આંદોલન મોકૂફ

રાજકોટ, તા. ૧

ગુજરાત રાજ્યના વર્ગ-૩ના કર્મચારીઓ દ્વારા ચલાવવામાં આવી રહેલું આંદોલન હાલ પૂરતું મુલત્વી રાખવાની જાહેરાત કરવામાં આવી છે. મહેસુલી કર્મચારી મંડળના પ્રમુખ જામસંગ પરમારે જણાવ્યું હતું કે, કર્મચારીઓના પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓના ઉકેલ માટે મહેસુલ મંત્રી સંજયસિંહ મહિડા તથા અધિક મુખ્ય સચિવ સાથે એક અત્યંત મહત્વપૂર્ણ અને પરિણામલક્ષી બેઠક યોજવામાં આવી હતી. આ મેરેથોન બેઠકમાં બે જિલ્લાના કલેકટર તેમજ ઉચ્ચ અધિકારીઓ સહિત મહેસુલ વિભાગના તમામ સંબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતા. આશરે ૪ કલાક સુધી ચાલેલી આ બેઠકમાં કર્મચારીઓના તમામ પ્રશ્નો અંગે મુદ્દાસર, વિસ્તૃત અને તથ્ય આધારિત ચર્ચા કરવામાં આવી હતી. દરેક પ્રશ્નની વર્તમાન સ્થિતિ, જરૂરી કાર્યવાહી અને તેના નિરાકરણ માટેની સમયમર્યાદા અંગે વિભાગ દ્વારા ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવી હતી. વિભાગ તરફથી જણાવાયું હતું કે કેટલાક પ્રશ્નો પર કામગીરી પહેલેથી જ ચાલુ છે અને તેનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવશે.




બેઠકમાં લેવાયેલા મુખ્ય નિર્ણયો મુજબ, મહેસુલ વિભાગ દ્વારા તમામ પ્રશ્નોનું મહત્તમ એક મહિનાની સમયમર્યાદામાં નિરાકરણ લાવવાની ખાતરી આપવામાં આવી છે. વિશેષ રૂપે પેઢીનામાના પ્રશ્ન અંગે સ્પષ્ટ ચર્ચા હાથ ધરવામાં આવી હતી, જેનો દિન-૭માં ઉકેલ લાવવા વિભાગે ખાતરી આપી છે. જ્યાં સુધી વિભાગ કક્ષાએથી અંતિમ નિર્ણય ન આવે, ત્યાં સુધી મામલતદાર કક્ષાએ પેઢીનામાની અરજીઓની પ્રાથમિકતા નક્કી કરવામાં આવશે અને તે મુજબ રેવન્યુ તલાટીઓએ ૭ દિવસની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે. કર્મચારી મંડળે સ્પષ્ટ કર્યું છે કે આંદોલન કે લડત પૂર્ણ થઈ નથી, પરંતુ માત્ર વિભાગને સમય આપવામાં આવ્યો છે. જો એક મહિનાની સમયમર્યાદામાં કર્મચારીઓના પ્રશ્નોનું યોગ્ય અને સંતોષકારક નિરાકરણ નહીં આવે, તો તમામ કાર્યક્રમો ફરીથી વધુ મક્કમતા અને સંગઠિત શક્તિ સાથે શરૂ કરવામાં આવશે.

# રાજકોટમાં પત્ની પર પતિનો અત્યાચાર

## મોઢા પર મોબાઈલ મારીને ઈજા પહોંચાડી, અગાઉ પણ નોંધાવી’તી ત્રાસની ફરિયાદ

રાજકોટ, તા.૧

રાજકોટ શહેરના અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં રહેતી એક મહિલા પર તેના જ પતિ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હોવાનો એક બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. આ મામલે પીડિત મહિલાએ મહિલા પોલીસ સ્ટેશનમાં પોતાના ૪૨ વર્ષીય પતિ વિરેન્દ્રસિંહ ચંન્દ્રસિંહ જાડેજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૪૨ વર્ષીય વૈશાલીબા વિરેન્દ્રસિંહ જાડેજા પોતાના પતિના મકાનમાં નીચેના માળે પોતાની ૧૪ વર્ષીય દીકરી યમુનાબા સાથે રહે છે અને હર્બલ પ્રોડક્ટનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે, જ્યારે તેમના પતિ મકાનના ઉપરના માળે રહે છે. વર્ષ ૨૦૦૯ પહેલા બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો, ત્યારબાદ પરિવારની સંમતિથી ૧૨/૧૨/૨૦૦૯ ના રોજ જ્ઞાતિના રીત-રિવાજ મુજબ તેમના લગ્ન થયા હતા. જોકે, લગ્નના થોડા સમય બાદ જ પતિ વિરેન્દ્રસિંહ નાની-નાની વાતોમાં બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યા હતા. વૈશાલીબાએ ઘર સંસાર બચાવવા માટે લાંબા સમય સુધી સહન કર્યું અને પતિને સમજાવવાના પ્રયાસો કર્યા, પરંતુ પતિના વર્તનમાં કોઈ સુધારો ન આવતા અંતે તેમણે ૦૩/૦૪/૨૦૨૬ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ઈગજની કલમ- ૮૫, ૧૧૫(૨), ૩૫૧ હેઠળ શારીરિક અને માનસિક ત્રાસની ફરિયાદ દાખલ કરાવી હતી.



પહેલી ફરિયાદ નોંધાવ્યા બાદ પણ, મકાનની વ્યવસ્થા ન હોવાથી વૈશાલીબા એ જ મકાનમાં રહેવા મજબૂર હતા. ફરિયાદ કરવા છતાં તેમના પતિ અવારનવાર તેમને શારીરિક તથા માનસિક ત્રાસ આપતા અને ખોટા આક્ષેપો મૂકતા હતા. જ્યારે વૈશાલીબા ઘરમાં સૂતા હતા, ત્યારે તેમના પતિ ઘરે આવ્યા હતા. કોઈ પણ જાતની વાતચીત કર્યા વિના, વિરેન્દ્રસિંહે ઉશ્કેરાઈ જઈને વૈશાલીબાના મોઢા પર મોબાઈલ ફટકારી દીધો હતો અને ઢીકાપાટુ માર્યા હતા. આ હુમલામાં વૈશાલીબાને ઉપરના હોઠ પર ગંભીર ઈજા પહોંચી હતી.

ઝઘડાનો અવાજ સાંભળીને ૧૪ વર્ષીય દીકરી જાગી ગઈ હતી અને તુરંત જ ૧૧૨ નંબર પર ફોન કરી પોલીસને જાણ કરી હતી. પોલીસની ગાડી આવતા જોઈને પતિ વિરેન્દ્રસિંહ ત્યાંથી નાસી છૂટ્યા હતા. ત્યારબાદ ઈજાગ્રસ્ત વૈશાલીબાને દીકરી સાથે ૧૦૮ મારફતે સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સારવાર લીધા બાદ, વૈશાલીબાએ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી અને ત્યારબાદ મહિલા પોલીસ સ્ટેશનમાં આવીને પતિ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ દાખલ કરાવી છે. પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૫ અને ૧૧૫(૨) હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ એએસઆઈ ડી.જે.જાદવ કરી રહ્યા છે.

### રાજ્યના જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નોંધાયેલા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો તહેવારોની ઉજવણી ઉત્સાહભેર કરી શકે તે માટે

# તહેવારોમાં કાર્ડધારકોને મળશે ખાંડ

## અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીની જાહેરાતઃ ચલણ ભરવાની મુદ્દતમાં વધારોઃ ૧૭ હજાર વેપારીઓને રાહત

રાજકોટ, તા.૧

રાજ્યના જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નોંધાયેલા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો તહેવારોની ઉજવણી ઉત્સાહભેર કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, તહેવારોના આ સમયે અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડધારકોને ખાંડનો પૂરતો જથ્થો કોઈ પણ મુશ્કેલી વિના મળી રહે તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ વ્યવસ્થાને વધુ સુગમ બનાવવા માટે રાજ્યના વાજબી ભાવના દુકાનદારો માટે સપ્ટેમ્બર-૨૦૨૬ માસના ખાંડ સહિતની અન્ય સામગ્રીના ચલણ ભરવાની છેલ્લી તારીખ લંબાવીને ૩ સપ્ટેમ્બર કરવામાં આવી છે, જેનાથી રાજ્યના ૧૭ હજાર જેટલા વેપારીઓને મોટી રાહત મળી છે.

રાજ્ય સરકારના નિયમો મુજબ અંત્યોદય અને ઇડ્ડ કેટેગરીના રેશનકાર્ડ ધારકોને તેમના પરિવારના સભ્યોની સંખ્યાના આધારે રાહત દરે ખાંડનું વિતરણ કરવામાં આવે છે. જેમાં અંત્યોદય કાર્ડધારકોને રૂ. ૧૫ પ્રતિ કિલોગ્રામ અને ઇડ્ડ કાર્ડધારકોને રૂ. ૨૨ પ્રતિ કિલોગ્રામના અત્યંત સસ્તા દરે ખાંડ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આગામી તહેવારોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકારે ઓગસ્ટ-૨૦૨૬થી જ અગાઉથી ખાંડની ફાળવણી શરૂ કરી દીધી હતી, જે હેઠળ અત્યાર સુધીમાં કુલ ૭,૧૦૦ મેટ્રિક ટન ખાંડનો જથ્થો લાભાર્થીઓને સફળતાપૂર્વક વિતરિત કરી દેવાયો છે. આ ઉપરાંત, સપ્ટેમ્બર-૨૦૨૬ માસ માટે વધુ ૪,૫૦૦ મેટ્રિક ટન ખાંડની ફાળવણી કરવામાં આવી છે. આ આગોતરા અને સુચારૂ આયોજનના પરિણામે રાજ્યના નાગરિકોને તહેવારોના સમયે તેમની જરૂરિયાત મુજબ સમયસર ખાંડ મળતી રહેશે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ભૂલ કોકની, આવક કોકને, સજા નિર્દોષને

## ગુજરાત બોર્ડની પરીક્ષામાં ખોટા ગુણ આપનાર શિક્ષકોને તોતીંગ દંડ, પણ..




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં પેપર ચકાસણી એ ખૂબ જ જવાબદારીપૂર્વક કરવાનું કામ છે. વિદ્યાર્થીનું ભવિષ્ય આ ઉત્તરવહીના ગુણ પર આધારિત હોય છે. તાજેતરમાં બોર્ડની પરીક્ષાની પેપર ચકાસણીમાં મોટી બેદરકારી સામે આવી છે. મૂલ્યાંકનમાં ભૂલ કરનાર શિક્ષકો સામે બોર્ડે લાલ આંખ કરી છે. બોર્ડના નવા નિયમ મુજબ ૧ ગુણની ભૂલ બદલ શિક્ષકને રૂ. ૧૦૦નો દંડ કરવામાં આવે છે.

આ વખતે બોર્ડે આવા ૩૩૩૪ શિક્ષકોને તોતીંગ દંડ ફટકાર્યો છે.શિક્ષકોની બેદરકારીના કારણે બોર્ડને દંડરૂપે લાખો રૂપિયાની આવક થઈ છે. પરંતુ જો સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવે તો ચિંતાજનક ચિત્ર ઉપસી આવે છે. શિક્ષકે કરેલી ભૂલની સજા આર્થિક દંડ દ્વારા શિક્ષકને તો મળી. પરંતુ સૌથી મોટી સજા તો સાવ નિર્દોષ વિદ્યાર્થીઓએ ભોગવવી પડી છે. જે વિદ્યાર્થીઓએ રાત-દિવસ એક કરીને મહેનત કરી હતી, તેઓ શિક્ષકની એક નાની ભૂલના કારણે કે બેદરકારીના કારણે માનસિક તણાવમાં આવી ગયા. ઓછા ગુણ આવવાના કારણે અપેક્ષિત પરિણામ ન મળતા વિદ્યાર્થી ઓ નિરાશામાં સરી પડ્યા.

પરિણામ સુધારવા માટે વિદ્યાર્થીઓએ ગંજાવર ફી ભરીને ફરીથી પેપર રી-ચેકિંગ કે રી-ટોટલિંગ કરાવવું પડ્યું. આ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ભારે આર્થિક અને માનસિક ત્રાસ સહન કરવો પડ્યો. વાસ્તવમાં ભૂલ શિક્ષકની હતી, આર્થિક દંડ દ્વારા કમાણી બોર્ડની થઈ અને આકરી સજા માસુમ વિદ્યાર્થીઓએ ભોગવી. શું માત્ર શિક્ષકો પાસેથી દંડ વસૂલી લેવાથી આ ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ આવી જશે? બિલકુલ નહીં.

આ સમસ્યાનો ઉકેલ માત્ર આર્થિક દંડ નથી. બોર્ડે પેપર ચકાસણીની સમગ્ર પદ્ધતિમાં વિરાટ સુધારા કરવાની જરૂર છે. શિક્ષકો પર ચકાસણીનું વધુ પડતું ભારણ ન રહે તે જોવું જોઈએ. મૂલ્યાંકન કેન્દ્રો પર જ બે-સ્તરીય ચકાસણી પદ્ધતિ અમલમાં મુકાવી જોઈએ. જો રી-ચેકિંગમાં વિદ્યાર્થીના ગુણ વધે, તો બોર્ડે વિદ્યાર્થી પાસેથી લીધેલી રી-ચેકિંગ ફી સંપૂર્ણપણે પરત કરવી જોઈએ. વધુમાં, આવી ભૂલ કરનાર શિક્ષકો સામે માત્ર દંડ જ નહીં, પરંતુ શિક્ષાત્મક પગલાં તરીકે તેમનું પ્રમોશન અટકાવવું કે ટ્રેનિંગ આપવી જરૂરી છે. શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા અને ચોકસાઈ લાવવી અત્યંત જરૂરી છે, જેથી કોઈ નિર્દોષ વિદ્યાર્થીનું ભવિષ્ય રળિયાત બનતા અટકી ન જાય.

# સરકારનું વચન પૂર્ણ

## સુપ્રીમ કોર્ટે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે દાખલ કરાયેલી ૧૨૯ FIR રદ કરી : CJP હવે દિલ્હીમાં કૂચ કરશે નહીં



નવીદિલ્હી, તા.૧

રાજધાની દિલ્હી અને ચાર રાજ્યોમાં કોકરોચ આંદોલન દરમિયાન વિરોધ પ્રદર્શનોના સંદર્ભમાં વિદ્યાર્થીઓ સામે દાખલ કરાયેલી ૧૨૯ એફઆઈઆર રદ કરવામાં આવી છે. સરકારનું કહેવું છે કે તેણે વિરોધ પ્રદર્શન સમયે વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનું વચન આપ્યું હતું, અને હવે તેણે તે વચન પૂર્ણ કર્યું છે. મંગળવારે (૧ સપ્ટેમ્બર) સરકારે સુપ્રીમ કોર્ટમાં કલમ ૧૪૨ લાગુ કરીને એફઆઈઆર રદ કરવાની અપીલ કરી હતી, જેને સુપ્રીમ કોર્ટે સ્વીકારી લીધી હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ચુકાદો આપતા કહ્યું હતું કે એફઆઈઆર હવે ભૂતકાળ બની ગઈ છે અને તેના પર કોઈ કાર્યવાહી કરી શકાતી નથી. સુપ્રીમ કોર્ટ કોઈપણ મોટો નિર્ણય લેવા માટે કલમ ૧૪૨નો ઉપયોગ કરી શકે છે, જેને કોઈપણ કોર્ટમાં પડકારી શકાતી નથી. એફઆઈઆર રદ કર્યા પછી, કોકરોચ જનતા પાર્ટીએ ૫ સપ્ટેમ્બરની કૂચ રદ કરવાનો નિર્ણય લીધો છે.

સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ૨૫ જુલાઈએ કોકરોચ જનતા પાર્ટીને વચન આપ્યું હતું કે જો વિરોધ પ્રદર્શન પાછા ખેંચવામાં આવે તો કેસ પાછા ખેંચી લેવામાં આવશે. મેં દિલ્હી માટે યાદી સુપરત કરી છે. ત્યારબાદ, બિહાર, મહારાષ્ટ્ર, આસામ અને પશ્ચિમ બંગાળે પણ કેસ પાછો ખેંચવા માટે અરજીઓ દાખલ કરી હતી. આ રાજ્યોએ પણ જણાવ્યું હતું કે તેઓ કેસ પાછો ખેંચી રહ્યા છે. આ બધા રાજ્યોમાં કુલ ૧૨૯ ઋઈંછ નોંધવામાં આવી હતી. ચુકાદો આપતી વખતે, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે અન્ય રાજ્યોમાં કોઈ કેસ દાખલ કરવામાં આવ્યા હોય, તો તે ઈચ્છે છે કે તેઓ તપાસ આગળ ન વધે.

ખાસ ન્યાયાધીશે જણાવ્યું હતું કે શારીરિક ઈજા અને મિલકતને નુકસાન પહોંચાડવા બદલ ૨,૮૭૩ લોકો સામે નવી ઋઈંછ દાખલ કરવામાં આવી હતી. અન્ય ચાર રાજ્યોએ પણ આવી જ અરજીઓ દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ખાસ ન્યાયાધીશને ફકરો ૫ વાંચવા કહ્યું હતું, જે સ્પષ્ટ કરે છે કે ભવિષ્યમાં કોઈ નવી ઋઈંછ દાખલ કરવામાં આવશે નહીં અને ઋઈંછ ૨,૮૭૩ લોકો સામે નવી ઋઈંછ છે. ઘણા વકીલોએ આનો વિરોધ કર્યો હતો, દલીલ કરી હતી કે તમામ ૨,૮૭૩ લોકોની વિગતો કોર્ટમાં રજૂ કરવી જોઈએ. ત્રીજું ખાતરી મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓ માટે વળતર અંગે હતી. હું કહેવા માટે અધિકૃત છું કે સરકાર તે ખાતરી પર અડગ છે. એકમાત્ર સમસ્યા પદ્ધતિની છે. ઘણી પરીક્ષાઓ છે. અહીં જે કંઈ થાય છે તે બેન્ચમાર્ક બની જાય છે. હું વિનંતી કરું છું કે મને પદ્ધતિઓ નક્કી કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવે, કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને કે અમે આ ખાતરીનું પાલન કરીશું. પેપર લીક સામેના વિરોધ પ્રદર્શનો દિલ્હીમાં હિંસક બન્યા, જ્યાં ૧૩ એફઆઈઆર દાખલ કરવામાં આવી. આ દરમિયાન, વિદ્યાર્થીઓના વિરોધને લગતા કેસોમાં બિહારમાં ૬૯, મહારાષ્ટ્રમાં ૩૪, બંગાળમાં ૮ અને આસામમાં ૫ એફઆઈઆર દાખલ કરવામાં આવી.

# મોદીને મળ્યા બાદ ઈરાની રાષ્ટ્રપતિએ શું કહ્યું?

## ઈરાન-અમેરિકા તણાવ વચ્ચે, રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાએ પીએમ મોદી સાથેની વાતચીત દરમિયાન, યુદ્ધનો અંત લાવવા અને રાજદ્વારી ભૂમિકા ભજવવાની અપીલ કરી





નવીદિલ્હી, તા.૧

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને બે મહત્વપૂર્ણ બેઠકો યોજી હતી. આ બે બેઠકોથી પશ્ચિમ એશિયાઈ રાજદ્વારીને એક નવો દ્રષ્ટિકોણ મળ્યો છે. પ્રથમ, તેમણે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી અને ભારતને સંઘર્ષનો અંત લાવવા અને વાતચીતનો માર્ગ ખોલવામાં ભૂમિકા ભજવવા વિનંતી કરી. દરમિયાન, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ સાથેની તેમની વાતચીતમાં, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પાકિસ્તાનની મધ્યસ્થી અને મુસ્લિમ દેશોની એકતાની પ્રશંસા કરી. આ બે બેઠકો દરમિયાન થયેલી ચર્ચાઓની વિગતો સ્પષ્ટપણે દર્શાવે છે કે ઈરાન સંઘર્ષ વચ્ચે રાજદ્વારી માર્ગો ખુલ્લા રાખવાની ઇચ્છા ધરાવે છે.

પેઝેશ્કિયાન અને પીએમ મોદી ૩૧ ઓગસ્ટના રોજ કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં જીઈઘ સમિટ દરમિયાન મળ્યા હતા. આ બેઠક મહત્વપૂર્ણ હતી કારણ કે તે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે થઈ હતી. ભારતની પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિતિ અને વિવિધ દેશો સાથેના તેના સંબંધોનો ઉલ્લેખ કરતા, ઈરાની રાષ્ટ્રપતિએ મોદીને અપીલ કરી કે તેઓ તેમના સંપર્કોનો ઉપયોગ કરીને સામેલ પક્ષોને યુદ્ધ અને રક્તપાતથી દૂર કરવા અને સંવાદ અને કરાર તરફ લાવવામાં મદદ કરે.

પેઝેશ્કિઆને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ઈરાન માને છે કે વર્તમાન સમસ્યાઓનો ઉકેલ વાતચીત અને સહયોગ દ્વારા લાવવો જોઈએ. તેમણે અમેરિકા પર રાજદ્વારી માધ્યમોનો ઉપયોગ કરવાને બદલે પોતાના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે યુદ્ધ, અસુરક્ષા અને બળનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. ઈરાની રાષ્ટ્રપતિ પેઝેશ્કિઆને પણ વડાપ્રધાન મોદીને અમેરિકન લશ્કરી સંકુલ વિશે ફરિયાદ કરી હતી, અને કહ્યું હતું કે અમેરિકામાં કેટલાક જૂથો છે જે ફાયદો મેળવવા માટે યુદ્ધ ચાલુ રાખવા માંગે છે. પીએમ મોદીએ પશ્ચિમ એશિયામાં તણાવ ઘટાડવા માટે વાતચીત અને રાજદ્વારી પર પણ ભાર મૂક્યો હતો. ભારતે જણાવ્યું હતું કે તમામ મુદ્દાઓનો ઉકેલ વાતચીત અને રાજદ્વારી દ્વારા લાવવો જોઈએ. મોદીએ ક્ષેત્રમાં કાયમી શાંતિ અને સ્થિરતા માટે પ્રયાસો ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમણે દરિયાઈ માર્ગો અને વેપારની સ્વતંત્રતા અને નાગરિકો, વાણિજ્યિક જહાજો અને ખલાસીઓની સલામતી પર પણ ભાર મૂક્યો હતો.

ઈરાન પર અમેરિકાના દબાણ અને પ્રતિબંધો વચ્ચે, પીએમ મોદીએ જણાવ્યું હતું કે ઈરાન સાથે વેપારનો વિસ્તાર કરવામાં આવશે. અમેરિકાના આર્થિક પ્રતિબંધોથી વિપરીત આ નિવેદને હંગામો મચાવ્યો છે. અમેરિકા ઈરાનને આર્થિક રીતે અલગ કરવાના પ્રયાસોને વધુ તીવ્ર બનાવી રહ્યું છે અને ઈરાન સાથે વેપાર કરતા દેશો અને કંપનીઓ સામે કાર્યવાહીની ધમકી આપી રહ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથેની વાતચીતમાં પાકિસ્તાનની તાજેતરની રાજદ્વારી ભૂમિકાની પેઝેશ્કિઆને પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેહરાન પાકિસ્તાનના પ્રયાસો દ્વારા થયેલી સમજૂતીઓને અમલમાં મૂકવા માટે તૈયાર છે, પરંતુ આ માટે બીજી બાજુએ તેના વચનો પૂરા કરવા પડશે. પેઝેશ્કિયાને પ્રદેશમાં શાંતિ અને સુરક્ષાની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે લોકોએ ધર્મ, સંપ્રદાય અથવા જાતિના આધારે યુદ્ધ અને હિંસાનો સામનો કરવો જોઈએ નહીં.

## કોંગ્રેસ અને ભાજપ સાથે ચૂંટણી પંચ પણ કરી રહ્યું છે વિરોધ

# EVM મતોની ગણતરી માટે ટોટલાઈઝર પદ્ધતિ?

નવીદિલ્હી, તા. ૧

ભારતમાં ચૂંટણી મત ગણતરીની પદ્ધતિ ફરી એકવાર સુપ્રીમ કોર્ટ દ્વારા તપાસ હેઠળ આવી છે. ભારતીય ચૂંટણી પ્રણાલીમાં, મતોની ગણતરી બૂથવાર કરવામાં આવે છે. સંબંધિત કેસમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને પૂછ્યું છે કે મતદાતાઓની પસંદગીઓને ગુપ્ત રાખવામાં મદદરૂપ હોવા છતાં, ઊટખ ગણતરી માટે ટોટલાઈઝર પદ્ધતિ કેમ અપનાવી શકાતી નથી. કોર્ટે ઊઈઈ ના ફાયદાઓને સ્વીકાર્યા છે, પરંતુ બૂથવાર પારદર્શિતા, ફોર્મ ૧૭ઈ સાથે મેળ ખાતી અને હાલની ઊટખ-ટ્ટઊઅઝ ચકાસણી પ્રણાલી પર તેની અસર અંગે વ્યવહારુ અને કાનૂની પડકારોનો ઉલ્લેખ કર્યો છે. ૩૦૦ બૂથ ધરાવતા વિધાનસભા મતવિસ્તાર માટે, દરેક બૂથ પર વપરાતા ઊટખનું નિયંત્રણ ગણતરી કેન્દ્ર પર લાવવામાં આવે છે. દરેક ઊટખ માટે પરિણામ બટન દબાવવાથી વ્યક્તિગત ઉમેદવારો દ્વારા પ્રાપ્ત થયેલા મતો પ્રદર્શિત થાય છે. ત્યારબાદ તમામ બૂથમાંથી ડેટા ઉમેરીને મતવિસ્તાર માટે અંતિમ પરિણામ સંકલિત કરવામાં આવે છે. વર્તમાન ચૂંટણી પ્રણાલીમાં, દરેક બૂથ પર નોંધાયેલા કુલ મત ગણતરી દરમિયાન ફોર્મ ૧૭ઈ દ્વારા ઊટખ ડેટા સાથે મેળ ખાય છે.

દરમિયાન, ટોટલાઈઝર પ્રક્રિયા, દરેક ઉમેદવાર માટે દરેક ઊટખ ના પરિણામો અલગથી જાહેર કરવાને બદલે, સંયુક્ત પરિણામ મેળવવા માટે બહુવિધ ઊટખ ને જોડશે. આનો અર્થ એ છે કે જો કોઈ વિસ્તારમાં ૧૪ બૂથ હોય, તો આ પદ્ધતિ ફક્ત ઉમેદવાર અ, ઉમેદવાર ઇ અને ઉમેદવાર ઈ ને બધા ૧૪ બૂથ પર મળેલા કુલ મતોની સંખ્યા જાહેર કરશે. જો કે, તે આ ૧૪ બૂથમાંથી દરેક પર દરેક ઉમેદવારને મળેલા મતો જાહેર કરશે નહીં.

વર્તમાન સિસ્ટમ દરેક બૂથ માટે અલગ પરિણામો જાહેર કરે છે. આનાથી રાજકીય પક્ષો નક્કી કરી શકે છે કે કયા બૂથે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને કયા સૌથી ખરાબ. ટોટલાઈઝર પ્રક્રિયા જાહેર કરશે નહીં કે અ ને



બૂથ નંબર ૧ પર ૫૦૦ કે ૧૦૦ મત મળ્યા. આનો અર્થ એ છે કે સંયુક્ત પરિણામ જાહેર કરવામાં આવશે, પરંતુ દરેક બૂથની મતદાન પેટર્ન છુપાયેલી રહેશે. ઊઈઈ દસ્તાવેજો એમ પણ જણાવે છે કે ૧૪ ઊટખ ના જૂથ માટે સંયુક્ત પરિણામ મેળવવા માટે આનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જેથી કોઈ ચોક્કસ બૂથ પર મતદાનનો ટ્રેન્ડ જાહેર ન થાય.

ચૂંટણી પંચે શરૂઆતમાં ટોટલાઈઝર પ્રક્રિયાને ટેકો આપ્યો હતો. જો કે, તેના અમલીકરણથી રાજકીય અને વહીવટી સ્તરે વિરોધ થયો. ૨૦૧૬માં પંચે રાજકીય પક્ષોનો અભિપ્રાય માંગ્યો હતો. ચૂંટણી પંચના મતે, ત્રણમાંથી ત્રણ રાષ્ટ્રીય પક્ષો અને ૨૯માંથી ૧૮ રાજ્ય પક્ષોએ તેનો વિરોધ કર્યો હતો. ત્યારબાદ, ૨૦૧૬માં રચાયેલી મંત્રી સમૂહ સમિતિએ પણ આ દરખાસ્તને સમર્થન આપ્યું ન હતું. વિરોધીઓએ દલીલ કરી હતી કે બૂથવાર પરિણામો ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

વિપક્ષે એવી પણ દલીલ કરી હતી કે જો કોઈ ચોક્કસ બૂથ પર ઊટખ માં સમસ્યા હોય, તો તેને બૂથવાર પરિણામોથી ઓળખવી સરળ છે. જો કે, જો બહુવિધ ઊટખ માંથી મતોને જોડવામાં આવે છે, તો એક મશીનમાં સંભવિત સમસ્યાઓને એકંદર ગણતરી દ્વારા છુપાવી શકાય છે. ચૂંટણી પંચના વર્તમાન વાંધો માટે આ એક મુખ્ય આધાર છે. પંચ જણાવે છે કે બૂથવાર ફોર્મ ૧૭સી અને ઊટખ ડેટા વચ્ચે એક-થી-એક મેચિંગ વર્તમાન ચૂંટણી પ્રક્રિયાના સ્વ-ચકાસણી અને પારદર્શિતાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શ્રાવણી સત્સંગ

### અષ્ટમૂર્તિ શિવ એટલે શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, ઈશાન, અને મહાદેવ



હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ પૂર બહારમાં આગળ ધપી રહ્યો છે, પણ ભક્તિનો આ ભાવ નિત્ય રહેતો નથી, કારણ કે માનવીય માનસિકતા માંથી સંતોષની લાગણી ઓછી થતી જાય છે, અને એટલે ખુશી કે પ્રસન્નતાનો પિરિયડ એટલો લાંબો સમય ટકી રહેતો નથી, અને જેવા અન્યને ખુશ જુવે એટલે સરખામણીમાં પોતાની ખુશી ઓછી લાગે છે. પરંતુ સુખ માટે કે સિદ્ધી માટે, એમ કોઈને કોઈ બહાને સૌ ભગવાન શિવને ભજે છે, અને એવાં અનન્ય દેવોના દેવ મહાદેવનું શિવ પુરાણ વિશે આપણે ચિંતન કરી રહ્યા છીએ.

રુદ્ર સંહિતા બાદ શત રુદ્ર સંહિતા આવે છે, અને એમાં શિવનાં શત એટલે કે સો અવતારની વાત આવે છે. પણ આપણે જોયું એમ જ્યાં સુધી શિવ માંથી શિવા સ્વરૂપે શક્તિ છૂટી પડી નહીં, ત્યાં સુધી બ્રહ્માનું સૃષ્ટિ સર્જનનું કાર્ય એટલું ટક્યું નહીં. પરંતુ એ સિવાય પણ આ જીવ સૃષ્ટિને જીવંત રાખવા ભગવાન શિવ અષ્ટમૂર્તિ સ્વરૂપે પ્રકૃતિમાં વ્યાપ્ત થયાં, અને પછી આઠ પ્રાણ સ્વરૂપે દરેક જીવમાં પણ વ્યાપ્ત થઈને એનું સંતુલન જળવાઈ રહે, એવાં એક ઉચ્ચ દ્રષ્ટિકોણને ભગવાન શિવે બહાલી આપીને, દરેકમાં આત્મા એજ પરમાત્મા સ્વરૂપે નિવાસ કર્યો.

ભગવાન નંદી સનતકુમારોને આગળ કહે છે કે, વિશ્વને જીવંત રાખવા માટે શિવની અષ્ટમૂર્તિ સ્વરૂપ છે, શિવનાં શર્વ થી મહાદેવ સ્વરૂપ દ્વારા પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, ક્ષેત્રજ્ઞ, સૂર્ય અને ચંદ્રમાં, અધિષ્ઠિત છે, અને આ રીતે મહેશ્વરનું વિશ્વંભ્રાત્મક સ્વરૂપ ચરાચર વિશ્વને ધારણ કરે છે. આમ અષ્ટ મૂર્તિ રુપે વ્યાપ્ત ભગવાન શિવનું સલીલાત્મક સ્વરૂપ જ સમસ્ત જગતને જીવન પ્રદાન કરે છે, અને પળપળ જીવંત હોવાનો અહેસાસ આપે છે, જે ભવ નામે ઓળખાય છે. જે જગતની બહાર અને અંદર પ્રવર્તમાન છે, અને વિશ્વનું ભરણપોષણ કરે છે, સ્પંદિત થાય છે, એ ઉગ્ર રૂપ ધારી પ્રભુના રૂપને ઉગ્ર કહેવાય છે. સર્વને અવકાશ આપવાવાળું સર્વવ્યાપી આકાશાત્મક રૂપ છે, તેને ભીમ કહે છે, જે ભૂત વૃંદનું ભેદક છે. સમસ્ત આત્માનાં અધિષ્ઠાન ક્ષેત્રમાં નિવાસ કરનારા ભગવાન શિવનાં રૂપને પશુપતિ કહેવાય છે,જે ભવપાશનું છેદક છે. સંપૂર્ણ જગતને પ્રકાશિત કરનારું જે સૂર્ય નામનું રૂપ છે, એને ઈશાન કહે છે, એ દ્યુલોકમાં પણ ભ્રમણ કરે છે. પોતાની અમૃતમય ચાંદનીથી સંપૂર્ણ વિશ્વને આલ્હાદિત કરે છે, એ ચંદ્ર નામનાં શિવનાં રૂપને મહાદેવ કહેવાય છે, શિવનું આ આઠમું સ્વરૂપ જ આત્મા પરમાત્મા છે. આ અષ્ટમૂર્તિ શિવ જ અન્ય મૂર્તિઓની વ્યાપીકા છે, એટલે કે મૂળ છે,એટલા માટે આખું વિશ્વ શિવમય જ છે, એમ કહેવું અન્યથા નથી. જે રીતે વૃક્ષનાં મૂળમાં પાણી રેડવાથી એની શાખાઓ લીલીછમ્મ થઈ જાય છે, એ રીતે શિવનું પૂજન કરવાથી શિવરૂપ વિશ્વ પરિપૃષ્ઠ થઈ જાય છે. પોતાના પુત્ર પૌત્ર વગેરેને પ્રસન્ન જોઈને જેમ પિતા હર્ષિત થાય, એ જ રીતે સમગ્ર વિશ્વને હર્ષિત જોઈને શંકરને આનંદ મળે છે. આપણે જ્યારે અન્ય કોઈને કષ્ટ આપીએ, ત્યારે અષ્ટમૂર્તિ શિવનું જ અનિષ્ટ કર્યું છે, એમ સમજવું. અષ્ટમૂર્તિ દ્વારા સમગ્ર વિશ્વને અધિષ્ઠિત કરીને બિરાજમાન થયેલા ભગવાન શિવને ભક્તિથી ભજવા એ જ દરેકનું સૌથી પહેલું અને શ્રેષ્ઠ કર્મ છે.

ભગવાન નંદીશ્વર સનતકુમારને ભગવાનનાં અર્ધનારીશ્વર સ્વરૂપની કથા કહે છે. સૃષ્ટીનાં આરંભ કાળમાં જ્યારે બ્રહ્મા દ્વારા રચાયેલી એકપણ પ્રજા પરિવાર બનાવી ન શકી, ત્યારે બ્રહ્મા દુઃખી થઈને ફરી તેઓ સૃષ્ટિ સર્જન માટે ભગવાન શિવનાં અનન્ય સ્વરૂપનું ધ્યાન કરવાં લાગ્યાં, અને ત્યારે આકાશવાણી થઈ કે, હે બ્રાહ્મણ! હવે ભગવાન શિવ પાસે નારી કુળનું વરદાન પ્રાપ્ત કરો, અને તો જ સ્નેહ સંબંધનાં સંયોગ કે સુમેળથી સૃષ્ટિનું નિર્માણ શક્ય છે. બ્રહ્માનાં ધ્યાનથી શિવ પ્રસન્ન થયાં, અને કહ્યું કે હે પ્રિય પુત્ર પિતામહ! હું તારી ઉદાસીનું કારણ જાણું છું, અને એટલે જ શિવ પૂર્ણ સચ્ચિદાનંદ કામદા મૂર્તિમાં પ્રવિષ્ટ થયાં, અને અર્ધનારીશ્વર સ્વરૂપે બ્રહ્મા સમક્ષ પ્રગટ થયા. ભગવાન શિવ એ પોતાના માંથી શિવા સ્વરૂપ અલગ કરી, અને કહ્યું દેવી, આપ મારા પુત્રના સૃષ્ટિ સર્જનમાં મદદ કરો. બ્રહ્માજી પરમ શક્તિ સ્વરૂપની વંદના કરતાં કહ્યું કે, હે દેવી જગન્માત! મારા દ્વારા આજ સુધી ઘણી બધી પ્રજાઓની રચના થઈ, પણ નારી કુળ વગર એની વૃદ્ધિ થતી નથી, અને એટલે જ મેં સ્ત્રી પુરુષનાં સહયોગથી ઉત્પન્ન થનાર સૃષ્ટિની વૃદ્ધિનું વિચાર્યું છે, અને મારા આ નિર્માણ કાર્ય માટે આપની કૃપા વાંછિત છું. હું આપને પ્રાર્થનાં કરું છું કે, હે શિવે! કે નારી કુળની સૃષ્ટિ માટે શક્તિ પ્રદાન કરો. હે શિવપ્રિય, ચરાચર જગતની ઉત્પત્તિનું કારણ સમજીને મારી પર કૃપા કરો! અને મારા પુત્ર દક્ષની પુત્રી થાવ. બ્રહ્માની યાચનાનો સ્વીકાર કરીને પરમેશ્વરી એ તથાસ્તુ એવું જ થશે! એમ કહ્યું. શિવા દેવીએ પોતાની ભ્રમરનાં મધ્ય ભાગમાંથી પોતાની સમાન પ્રભાવ વાળી એક શક્તિની રચનાં કરી. ભગવાન શિવે એમને અનુરોધ કર્યો કે હે દેવી, તમે બ્રહ્મા પર પ્રસન્ન થઈ, અને એમના સઘળાં મનોરથ પૂરા કરો! આમ શિવની જેમ જ શિવા પણ અજન્મા હતાં, કારણ કે શિવ શક્તિ અભિન્ન તત્વ છે, પણ બ્રહ્મા પર કૃપા કરવા અથવા તો નારી કુળ વાળી પ્રજાનું સર્જન કરવા એમણે દક્ષને ત્યાં પુત્રી થવાનું સ્વીકાર્યું. પરમ શક્તિ સ્વરૂપ કે અખિલેશ્વરી જગન્માત શિવા દેવીએ બ્રહ્માને અનન્ય અને અનુપમ શક્તિ પ્રદાન કરી, અને ફરી પાછા શિવશંકરનાં શરીરમાં પ્રવિષ્ટ થઈ ગયા! અને આમ નારી કુળ કે સ્ત્રી ભાગની કલ્પના થઈ, અને સ્નેહ મિલનની સૃષ્ટિનું નિર્માણ કાર્ય શરૂ થયું. આમ ભગવાન નંદીશ્વરએ ભગવાન શિવનાં અર્ધનારીશ્વર સ્વરૂપનો મહિમા ગાયો.

શિવ પુરાણની વિધવિધ કથાઓ આપણાંમાં શિવની કરુણાનું દર્શન કરાવી રહી છે; અને શિવને પ્રસન્ન કરવાં હોય તો, આપણે પણ એમની કરુણા કે કલ્યાણનાં ભાવને અંતરમાં મોખરે રાખીને અન્ય સંસારિક વ્યવહારો કરવાં જોઈએ. ઘણીવાર એવું થતું હોય કે લખવાં, બોલવાં, કે વાંચવામાં, આપણે કરુણા કે કલ્યાણનો ભાવ સારો લાગે, પણ જ્યારે આચરણની વાત આવે ત્યારે, એટલો અમલ થતો નથી, અને એટલે જ આપણે શ્રાવણમાં અનહદ ભક્તિ કરી હોવા છતાં, ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચી શકતાં નથી! આમાં કંઈ બહુ મોટું દાન પુન્ય કરવાની જરૂર નથી. પ્રથમ નીતિને મહત્વ આપવું! બીજું કોઈનું પણ અહિત થાય નહીં એ ખાસ જોવું! અને અન્યનાં દુઃખ દર્દમાં સહભાગી થઈ, આર્થિક, શારીરિક, અને માનસિક મદદ કરવી! ફક્ત એનું સંકટ ટળી જાય એવી પ્રાર્થના કરવી એ પણ કરુણાનો જ ભાવ છે, અને આ પણ શંકરનું પૂજન છે! જાપ છે, અથવા તો રુદ્રાભિષેક છે! એમ પણ કહી શકાય. ૐ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### વધુ એક વખત માદક દ્રવ્યની હેરાફેરીનો પર્દાફાશ થયોઃ ગાંધીગ્રામ પોલીસે કામ બતાવ્યું

# છવ્વીસ ગુનામાં સામેલ ગીતા ગાંજા સાથે પકડાઇ

## અગાઉ પણ એક વખત માદક પદાર્થનો કેસઃ મોટે ભાગે દારૂ વેંચતી હવે રૂપીયા કમાવવા માદક દ્રવ્યોના રવાડે ચડીઃ પીઆઇ એચ. પી. ગઢવી અને ટીમની કામગીરી

રાજકોટ, તા.૦૧

રાજકોટઃ શહેર પોલીસે વધુ એક વખત માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. જેમાં ગાંધીગ્રામ પોલીસે એક મહિલા બૂટલેગરને ગાંજા સાથે પકડી હતી. જામનગર હાઈવે પર ઘંટેશ્વર ૨૫ વારીયા કવાટર્સમાં રેલ્વે પાટા પાસે જામવાડીના ફોલ્ડીંગ દિવાલ પાસે કવાટર્સમાં બાતમીના આધારે ગાંધીગ્રામ પોલીસે દરોડો પાડી અગાઉ માદક પદાર્થ સહિત છવ્વીસ જેટલા ગુનામાં સંડોવાઇ ચુકેલી મહિલા બુટલેગરને ૧૭૫ ગ્રામ ગાંજા સાથે ઝડપી લીધી હતી.

વિગતો જોઇએ તો જામનગર હાઇવે પર ઘંટેશ્વર ૨૫ વારીયા કવાટર્સમાં જામવાડીની ફોલ્ડીંગ દિવાલ પાસે રહેતી પિસ્તાલીસ વર્ષની ગીતા અરવિંદભાઇ મકવાણાના કવાટરમાં ગાંજો હોવાની ગાંધીગ્રામ પોલીસ મથકના જમાદાર રવીભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી, કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર અને ચંદ્રદીપસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. પોલીસ કવાટરની તલાસી લેતા ત્યાંથી રૂા. ૮,૭૫૦ની કિંમતનો ૧૭૫ ગ્રામ ગાંજાના જથ્થો મળી આવતા કબ્જે કરી પોલીસે ગીતા મકવાણા સામે એનડીપીએસ એકટ હેઠળ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. હાલ આ ગાંજો તે કયાંથી લાવી હતી? તે સહિતની દિશામાં પોલીસ દ્વારા તપાસ શરૂ કરી છે.

પોલીસે જણાવ્યુ કે ગીતા મકવાણા અગાઉ પણ માદક પદાર્થના મારામારી-ધાકધમકીના બે ચોરીમાં એક એન દેશી



દારૂના એકવીસ ગુના મળી કુલ છવ્વીસ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકી છે. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા જેસીપી ચૈતન્ય માંડલીકા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી આર.એસ. બારીઆની સુચનોને પગલે ગાંધીગ્રામ ઇન્સપેકટર એચ. પી. ગઢવીના માર્ગદર્શન હેઠળ પીઆઇ એસ.વી. ગોહીલ, એએસઆઇ ચેતનસિંહ ગોહીલ, એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ રવીભાઇ ગઢવી, રોહીતદાન ગઢવી, ભવદીપસિંહ ગોહીલ, કોન્સ્ટેબલ રઘુવીરસિંહ જાડેજા, વિપુલભાઇ ગઢવી, જયદેવભાઇ પરમાર, ચંદ્રદીપસિંહ જાડેજા, પ્રશાંતભાઇ ગજેરા, કોશીકભાઇ ડાંગર, વિશાલભાઇ દુધરેજીયા, રીનાબેન પરમાર, પ્રેક્ષાબેન આહીર અને ટીઆરબી રવીભાઇ જાડાએ આ કામગીરીકરી હતી.

### બે પશુપાલકને છરીની અણીએ ડરાવી ધમકાવી લૂંટી લેવાયા હતાં

# ચંડાળ ટોળકીએ ચલાવી'તી બે લૂંટ

## અટલ સરોવર અને કણકોટ નજીક આચરાયેલા ગુનાનો ડીસીબીએ ભેદ ઉકેલી ચારને પકડ્યાઃ હત્યા, હત્યાની કોશીશ,લૂંટ સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હનુમાનમઢી વિસ્તારના ગૌતમ મકવાણા સહિત ચારને ઝડપી મુદ્દામાલ કબ્જે કરાયો

રાજકોટઃ શહેરમાં પશુપાલકોને છરી બતાવી લૂંટી લેવાની બે ઘટનાનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી છાપેલા કાટલા સમાના રીઢા ગુનેગાર અને તેના ત્રણ સાગ્રીતો મળી ચારની ચંડાળ ચોકડીને દબોચી લઇ રોકડ વાહન સહિત પોણા ત્રણ લાખથી વધુની માલમત્તા કબ્જે કરી હતી.

વિગતો જોઇએ ડીસીબીની ટીમને મળેલી પૂર્વ બાતમીને આધારે તબક્કાવાર ઉઠાવી લેવાયેલા ૪ હિસ્ટ્રીશીટરોની આગવી પૂછપરછમાં તાજેતરમાં રાજકોટ આસપાસના હરવા-ફરવાના સ્થળો નજીક થયેલી બે લાખની મતાની બે લૂંટના ભેદ ઉકેલી ટોળકીના મુખ્ય આરોપી ગૌતમ ઉર્ફે કાનો કેશુભાઇ મકવાણા (ઉ.વ.૨૧ રહે.રાધે ક્રિષ્ના એપાર્ટમેન્ટ ત્રીજા માળે, ખોડીયાર હોટલ વાળી શેરી, હનુમાન મઢી, રાજકોટ) અને તેના ૩ સાગરિતોને ઝડપી લઇ ૨,૮૭,૬૫૦ની લૂંટાયેલી મતા તેમજ લૂંટમાં વપરાયેલ વાહનો-મોબાઇલ કબ્જે લેવાયા હતો. ક્રાઇમબ્રાંચના પી.આઇ. એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવની ટીમના પી.એસ.આઇ. એ.એન. પરમાર, વી.ડી. ડોડીયા, વી.ડી. રાવલિયા, ડી.પી. ઝાલા અને એસ.એમ. રાણાની ટીમના સભ્યોને સંયુકત રાહે મળેલી બાતમીના આધારે બાતમી મળી હતી.

તેના આધારે સુત્રધાર ગૌતમ ઉપરાંત હિતેન ઉર્ફે હકો રાજુભાઇ ગોહેલ (ઉ.વ.૨૩ રહે.ભોલે પાનવાળી શેરી, કણકોટ ગામના પાટીયા પાસે, કાલાવડ રોડ, રાજકોટ), નિલેશ ઉર્ફે ભુરો ગોપાલભાઇ વાઘેલા (ઉ.વ.૨૨ રહે.૨૫ વારીયા શેરી નં.૯, કોઠારીયા સોલવન્ટ, મેલડી માતાજીના મંદિર પાસે, રાજકોટ), ભરત ઉર્ફે ભરતો પોપટભાઇ પરમાર (ઉ.વ.૨૩ રહે.૨૫ વારીયા શેરી નં.૨૯, કોઠારીયા સોલવન્ટ, મેલડી માતાજીના મંદિર પાસે, રાજકોટ)ને ઝડપી લઇ કડકરાહે પૂછતાછ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન તાજેતરમાં કાલાવડ રોડ પરના કણકોટ નજીક આણંદપર- બાઘી ગામે રહેતા ફરીયાદી દેવજીભાઇ મોહનભાઇ જંખાનીયા ૧૫ વર્ષના ભાણેજ મેહુલ સાથે કણકોટ ગામે રહેતા અન્ય ભાણેજ કિશનના ઘરે જતા હતા ત્યારે બપોરે ૩ વાગ્યે આસપાસ



કણકોટ ગામ પહેલા દુધિયા જેવા એકસેસ સ્કુટર ઉપર આવેલા લાલ ટીર્શટ- જીન્સ પહેરાલા અજાણ્યા શખ્સે મારી સામે કેમ જોયુ તેમ કહી મોટરસાયકલ અટકાવ્યુ હતું.

આ દરમિયાન ફોન કરી બીજા બે ઈસમોને તેણે બોલાવ્યા હતા. બધાએ મળી મને માર મારવાનુ ચાલુ કરતા મારો ભાણેજ ડરી ભાગી ગયો હતો. દરમિયાન માણસો ભેગા થઇ જતા મને વધુ મારથી બચાવ્યો હતો. આ દરમ્યાન છરીથી ઘોદા મારી દેતા વાર નહી લાગે પરંતુ ભેગા થયેલા માણસોએ પકડી લેતા તેણે છરી પાછી મુકી દીધી હતી. ત્યારબાદ હું ચાની હોટલ પાસે સાઇડમાં ઉભો હતો ત્યારે હૂમલો કરનાર શખ્સો પૈકીના કેસરી કલરનું શર્ટ પહેરેલા શખ્સે મને છરી બતાવી જમણા હાથમાં પહેરેલુ ૫૦૦ ગ્રામનું ચાંદીનુ કડુ બળજબરીથી પડાવી લીધુ હતું અને મારા જમણા કાનમાં પહેરેલી ૩ ગ્રામની સોનાની કડી ખેંચી લેતા મારા કાનમાં લોહી નીકળી ગયુ હતું. આમ આ શખ્સ લૂંટ ચલાવી ભાગી ગયા હતા.

બાદમાં આણંદપર અને ગૌરીદડ ગામે ડોકટર પાસે સારવાર લીધી હતી. આ ઘટના ઝડપાયેલા શખ્સોએ કબુલી હતી. ઉપરાંત અટલ સરોવર નવા રેસકોર્સ નજીક બકરા ચરાવી રહેલા ભરવાડ પુનાભાઇ ખોડાભાઇ બાંભવા પાસે એકટીવા ઉપર જઇ ૨૦-૨૫ વર્ષના બે અજાણ્યા શખ્સોએ બકરા લે-વેંચ કરવા બાબતે ચર્ચાઓ કરી કાનમાં પહેરેલા સોનાના ઠોળીયા અને નાનો મોબાઇલ ફોન સહિત ૯૨,૦૦૦ મતાની લૂંટ ચલાવી હતી.

આ બનાવ પણ ઝડપાયેલી ટોળકીએ કબુલી લઇ બન્ને લૂંટનો મુદામાલ કાઢી આપ્યો હતો. પોલીસે લુંટના મુદામાલમાં સોનાના ઠોળીયા ૮.૨૧૦ ગ્રામ સોનાના કિ.રૂા.૭૫,૦૦૦, આઇફોન ૧૧ મોડલનો ૧૫,૦૦૦ કિમતનો ફોન, બ્લુ કલરનું એકસેસ સ્કુટર જીજે-૦૩-કયુસી-૦૬૯૫ કિ.રૂા.૭૦,૦૦૦, રૂા.૫૦૦ ની કિંમતનો એક સાદો મોબાઇલ, રેડમી નોટ-૧૦ મોબાઇલ કિ.રૂા.૧૦,૦૦૦, પીસ્તા કલરનું એકસેસ સ્કુટર નંબર જીજે-૦૩- કયુબી-૫૯૬૪ કિ.રૂા.૭૦,૦૦૦ લાકડા અને સ્ટીલના હાથાવાળી છરી, ટેકનો કંપનીનો ૧૦,૦૦૦ની કિંમતનો મોબાઇલ અને ૩.૩૦૦ ગ્રામની ૩૭,૦૦૦ કિંમતની સોનાની કડી કબ્જે કરી હતી.

બંને ગુના ઉકેલવાની આ કામગીરી ડીસબી પોલીસ ઇન્સ્પેકટર એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવ . તથા પો.સબ ઇન્સ. એ.એન.પરમાર તથા વી.ડી.ડોડીયા તથા વી.ડી.રાવલીયા તથા ડી.પી.ઝાલા તથા એસ.એમ.રાણા, એ.એસ.આઇ. સમીરભાઇ શેખ, વિજયરાજસિંહ જાડેજા, યશવંતભાઇ ભગત, સંજયભાઇ દાફડા, પો.હેડ કોન્સ. જયદેવસિંહ પરમાર, હરસુખભાઇ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, અનુજભાઇ ડાંગર, રાહુલભાઇ ગોહેલ, રાજેશભાઇ જળુ, સાગરભાઇ માવદીયા, મુકેશભાઇ સબાડ, તુલશીભાઇ ચુડાસમા, અમિતભાઇ ટુંડીયા, કરણભાઇ કોઠીવાર, સંજયભાઇ અલગોતર, પો.કોન્સ. મહાવીરસિંહ જાડેજા, કિશનભાઇ પાંભર, સંજયભાઇ ખાખરીયા, જીલુભાઇ ગળચર, નિકુંજભાઇ મારવીયા, અરવિંદભાઇ ફતેપરા, ધર્મેશભાઇ ખાંડેખા, તોફિકભાઇ જુણાચ, ધર્મેન્દ્રસિંહ રાણા સહિતની ટીમે કરી હતી. દરમિયાન જન્માષ્ટમીના તહેવારો દરમિયાન હરવા-ફરવા જતા લોકોને લુખ્ખ તત્વોથી ચેતીને રહેવા અને વેરાન સ્થળે એકલ-દોકલ લોકોએ ન જવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

# જૂગારના ત્રણ દરોડામાં એક ડઝન ઝડપાયા

## એલસીબ ઝોન-૨, એરપોર્ટ પોલીસ, થોરાળા પોલીસના દરોડા



રાજકોટ, તા. ૨૪

રાજકોટઃ જૂગારના વધુ ત્રણ દરોડામાં બાર પકડાયા હતાં. એલ.સી.બી.ઝોન -૨ની ટીમના એ.એસ.આઇ જે.વી.ગોહીલ, કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા સહિતના સ્ટાફે જામનગર રોડપર ભોમેશ્વરપ્લોટ પાસે જાગૃતિ કોમ્યુનિટી હોલમાં જુગાર રમતા વિક્રમ હરીભાઇ શીયાળીયા (ઉ.વ.૩૩ રહે. ભોમેશ્વર પ્લોટ શેરી નં. ૬) વિશાલ ગોરધનભાઇ વસોયા (ઉ.વ.૩૧ રહે. મવડીગામ પાછળ, જે.કે.સાગર વાટીકા સર્વોદય સ્કુલની બાજુમાં મહેશ સવજીભાઇ ચાવડા (ઉ.વ. ૩૭ રહે. પરાસર પાર્ક ૧, જામનગર રોડ) સાગર ધર્મેન્દ્રભાઇ વ્યાસ (ઉ.વ. ૩૮ રહે.જાગૃતિ સોસાયટી શેરી નં. ૭ ભોમેશ્વર મંદિર પાછળ, દિવ્યાંગ બાબુભાઇ રૂપાપરા (ઉ.વ.૨૭ રહે.મુરલીધર સોસાયટી શેરી નં. ૨, ૪૦ ફુટ રોડ, ઓમનગર સર્કલ) અને કપીલ ભીખુભાઇ વ્યાસ (ઉ.વ. ૩૮ રહે. સુંદરમ-૨, ભકિતપીયુષ એપાર્ટમેન્ટ, જામનગર રોડને રૂા.૧૮,૬૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

બીજા દરોડામાં એરપોર્ટ પોલીસના પી.એસ. આઇ બી.વી. સરવૈયા, કોન્સ્ટેબલ ભલાભાઇ સાનીયા સહિતના સ્ટાફે રાજકોટી ભાગોળે વાંકવડ ગામે ચોકમાં જાહેરમાં જુગાર રમતા વીનુ મનજીભાઇ રાણીસરા (ઉ.વ. ૫૦) અને અશ્વીન લાખાભાઇ થોરીયા (ઉ.વ.૪૦) રહે બને વાંકવડ, તા. રાજકોટ) રૂા. ૨૦૨૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

ત્રીજા દરોડામાં થોરાળા પોલીસના જમાદાર એચ.ડી. પરમાર અને વિક્રમભાઇ લોખીલ સહિતના સ્ટાફે ભાવનગરરોડ નજીક મયુરનગર રોડ પર મફતીયાપરામાં જુગાર રમતા વિશાલ હસુભાઇ કસદડીયા (ઉ.૨૪) હિતેશ જેઠાભાઇ સકરોટીયા (ઉ.વ.૨૨) વિશાલ ધીરૂભાઇ ઝિંઝુવાડીયા (ઉ.વ.૩૦) એમ અજય કાળુભાઇ કંડોળીયા (ઉ.વ.૩૯ રહે બધા રાજમોતી મિલપાસે મફતીયાપર, ભાવનગર રોડને રૂા.૧૦,૨૫૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

# હપ્તા ચડતા માઁ-દિકરીએ કરી ચોરી!

## એલસીબી ઝોન-૨ ટીમે ધરપકડ કરીઃ મા અગાઉ ૧૪ અને દિકરી ૪ ગુનામાં સામેલ

રાજકોટ તા. ૦૧

રાજકોટઃ ચોરી સહિતની ગુનાખોરી પર નજર કરીએ તો મોટે ભાગે આવા ગુના પુરૂષો જ આચરતા હોય છે. પરંતુ શહેરમાં એક ચોરીનો ગુનો ઉકેલાયો છે જે એક મા-દિકરીએ કર્યો હોવાનું સામે આવ્યું હતું. આ મહિલા અગાઉ પણ ચૌદ ગુનાઓમાં અને તેની દિકરી ચાર ગુનામાં પોલીસ ચોપડે ચડી હતી. શહેરના ગાંધીગરમ એસકે ચોકમાં પાંચ દિવસ પહેલા ખરીદી કરવા આવેલા દ્વારીકા હાઇટ્સમાં રહેતાં નીરંજનાબેન છોટાલાલ ખાખરા નામના એંસી વર્ષના વૃધ્ધાના ગળામાંથી રૂા. દોઢ લાખની ચેઇન સેરવી લેવાઇ હતી. એસક ચોકમાં દ્વારકેશ ઝોન નામની દુકાને બનેલા આ ગુનાનો ભેદ એલસીબી ઝોન-૨ ટીમે ઉકેલી માતા-પુત્રીની ધરપકડ કરી ચોરાઇ ચેઇન કબ્જે કર્યો હતો.

પોલીસ સુત્રોના કહેવા મુજબ અગાઉ ૧૪ ગુનામાં સામેલ મહિલાને મકાનના હપ્તા ચડી ગયા હોઇ તે ભરવા માટે પૈસાની જરૂરી હોઇ પોતાની દિકરી સાથે મળી આ ગુનો આચર્યો હતો. દિકરી પણ અગાઉ ૪ ગુનામાં પોલીસ ચોપડે ચડી હતી. વૃધ્ધાના ગળામાંથી ચેઇન ચોરી લેવાયાનો ગુનો ગાંધીગ્રામ પોલીસમાં દાખલ થયો હતો. ૨૭મીએ વૃધ્ધા ચીજવસ્તુ લેવા એસકે ચોકમાં આવ્યા ત્યારે આ ઘટના બની હતી. સીસીટીવી ચેક કરતાં બે બુકાનીધારી મહિલા ચેઇન સેરવી લેતી નજરે ચડી હતી. આ ગુનામાં એલસીબી ઝોન-૨ ટીમે બેતાલીસ વર્ષીય નિકીતા અલ્પેશભાઇ સાવલીયા (રહે. સરદારનગર-૪-અ, જયંતિભાઇ ટીલારાના મકાનમાં ભાડેથી ઉમિયા સર્કલ ૧૫૦ રીંગ રોડ) તથા તેની દિકરી ત્રેવીસ વર્ષિય વૈશાલી દેવન કાચા રહે. નાના મવા રોડ, શાસ્ત્રીનગર અજમેરા પાસે શીવ આઇકોનીક બિલ્ડીંગ ચોથો માળ)ની ધરપકડ કરી હતી.

પોલીસે બંને પાસેથી ચોરાઉ ચેઇન ૧ાા લાખનો અને ગુનામાં વાપરેલુ એક્ટીવા જીજે૦૩પીએલ-૭૭૫૬ કબ્જે કર્યા. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ નિકીતાના પતિ હયાત નથી. તેણીને મકાનના હપ્તા ચડી ગયા હોઇ તે ભરવા માટે નાણાની જરૂર હોઇ વૃધ્ધાનો ચેઇન ચોર્યો હતો. જો કે વેંચીને રોકડા કરે એ પહેલા પકડાઇ ગઇ હતી. પોલીસના કહેવા મુજબ નિકીતા અગાઉ ગાંધીગ્રામ, ભકિતનગર, ભાવનગર, ડીસીબી, લોધીકા, ગીર સોમનાથ, બોટાદ, સુરત, અમરેલી, કેશોદ, બી-ડિવીઝન, માલવીયાનગરમાં ચોરી, જૂગાર, દારૂ સહિત ૧૪ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકી હતી.

જ્યારે તેની દિકરી વૈશાલી ઉના, બોટાદ, સુરત, અમરેલીમાં ચોરી સહિતના ચાર કેસમાં પોલીસ ચોપડે ચડી ચુકી હતી. ફરી વખત આ મા-દિકરી ચોરીમાં પકડાતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એએસઆઇ જે. વી. ગોહિલ, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, હેમેન્દ્રભાઇ વાઘીયા, શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કોન્સ. કુલદીપસિંહ ઝાલા, શીવભદ્રસિંહ ગોહિલ, મૈસુરભાઇ કુંભારવાડીયા, ગાંધીગ્રામ કોન્સ. હેતલબેને આ ગુનો .કેલ્યોહ તો.



### અજાણ્યા લેભાગુઓ તો ઠીક ઘણીવાર વિશ્વાસુ જ લગાવી જાય મોટો ચૂનો

# સત્યાવીસ વર્ષ જુના મેનેજરે કરી છ કરોડની ઉચાપત

## પંપના સંચાલકે હિસાબ માંડતા ભોપાળુ છત્તુ થયું: બીજી ઘટનામાં ઓએલએક્સ પરથી કાર ખરીદી ગઠીયાએ દોઢ લાખ દીધા બાકીની રકમનો મારી દીધો ધૂંબો

રાજકોટ, તા. ૩૧

રાજકોટ: અવાર-નવાર એવી ઘટનાઓ બનતી રહે છે જેમાં જે તે પેઢી કે સંસ્થા કે કંપનીને તેનો જ વિશ્વાસુ મેનેજર કે કર્મચારી લાખો કરોડોમાં છેતરી જતો હોય છે. આવી જ વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં એક પેટ્રોલ પંપના સંચાલકને તેનો જ મેનેજર છ કરોડ પાંચ લાખનો ચૂનો લગાવી જતાં ચકચાર મચી ગઇ હતી. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના તરસાલી બાયપાસ પાસેના બાલાજી પેટ્રોલિયમ પંપના મેનેજર ઉપેન્દ્ર પરમારે રૂપિયા ૬.૦૫ કરોડની ઉચાપત કરી છે. સત્યાવીસ વર્ષથી પંપમાં ફરજ બજાવતા મેનેજરે બોગસ ઇન્વૉઇસ અને ખોટા હિસાબો રજૂ કરી, ઓનલાઈન પેમેન્ટની રકમ વધુ દર્શાવી રોકડની ઉચાપત કરી હતી. પંપ માલિકની ફરિયાદના આધારે કપુરાઈ પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. વડોદરાના તરસાલી બાયપાસ પાસે આવેલા પેટ્રોલ પંપના મેનેજરે ઓનલાઈન પેમેન્ટની રકમ વધુ દર્શાવી, રોજની આવતી રોકડમાંથી ઉચાપત કરી, અલગ-અલગ ટ્રાન્સપોર્ટ અને રોડવેઝના નામે બોગસ ઇન્વૉઇસ ઉભા કરી તેમજ ખોટા હિસાબો રજૂ કરી રૂ.૬.૦૫ કરોડની ઉચાપત કર્યાનો મામલા પ્રકાશમાં આવ્યો હતો.

આ બનાવમાં પેટ્રોલ પંપના માલિકે મેનેજર સામે ફરિયાદ નોંધાવતા કપુરાઈ પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મકરપુરા વિસ્તારમાં રહેતા ૫૪ વર્ષીય આશિષ બનવારીવાવ સુદ તરસાલી બાયપાસ પાસે નેશનલ હાઈવે નંબર-૮ પર બાલાજી પેટ્રોલિયમ નામનો પેટ્રોલ પંપ ધરાવે છે. તેમનો પેટ્રોલ પંપ ભારત પેટ્રોલિયમના હસ્તકનો છે. પેટ્રોલ પંપમાં છેલ્લા ૨૭ વર્ષથી મેનેજર અને કેશિયર તરીકે ઉપેન્દ્ર જગદીશ પરમાર ફરજ બજાવતો હતો. ફરિયાદ અનુસાર, ઉપેન્દ્ર પરમારે પોતાના આર્થિક ફાયદા માટે બોગસ હિસાબો દર્શાવી કરોડો રૂપિયાની ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.




તેણે છેલ્લા છ વર્ષ સુધીના હિસાબોની ચકાસણી કરવામાં આવતા કુલ રૂ.૬.૦૫ કરોડની ઉચાપત જણાઈ આવી હતી. ઉપેન્દ્રએ અલગ-અલગ ટ્રાન્સપોર્ટ અને રોડવેઝના નામે ખોટા ઇન્વૉઇસ ઉભા કરીને પણ ઉચાપત કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બાબતે પોલીસ કમિશનરને અરજી કર્યા બાદ કપુરાઈ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પેટ્રોલ પંપના માલિકે જણાવ્યું હતું કે, ઉપેન્દ્ર વર્ષોથી પંપમાં કામ કરતો હોવાથી તેના દ્વારા કરવામાં આવતા હિસાબની ચકાસણી કરવામાં આવતી નહોતી. ઉપેન્દ્ર નિયમિત રીતે વોટ્સએપ મારફતે હિસાબ મોકલતો હતો અને તેના પર વિશ્વાસ રાખવામાં આવતો હતો.

પણ શંકા જતા હિસાબની ચકાસણી શરૂ કરવામાં આવી હતી. દરમિયાન ઉપેન્દ્ર રોજનો હિસાબ કર્યા બાદ પોતાના ખિસ્સામાં રૂ.૫૦૦ના બંડલ નાખીને લઈ જતો હોવાના દશ્યો સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યા હતા. વધુમાં ચોપડામાં કરેલી નોંધ અને ઓનલાઈન પેમેન્ટની વિગતમાં પણ વિસંગતતા જણાઈ આવી હતી. તપાસ દરમિયાન હિસાબના તમામ ચોપડા, બિલો અને કોમ્પ્યુટરની એન્ટ્રીઓમાં ખોટી વિગતો દર્શાવવામાં આવી હોવાનુ સામે આવ્યું હતું. ઓનલાઈન પેમેન્ટની એન્ટ્રી વધુ બતાવી રોજની આવતી રોકડમાંથી ઉચાપત કરવામાં આવી હતી. એટલું જ નહીં, બોગસ કંપનીઓના ઇન્વૉઇસ ઉભા કરી પેટ્રોલ પંપના માલિકની ડિજિટલ સહીનો પણ પરવાનગી વિના ઉપયોગ કરીને ખોટા હિસાબો રજૂ કરવામાં આવ્યા હોવાનો ફરિયાદમાં ગંભીર આક્ષેપ કરાયો હોઇ તપાસ શરૂ કરાઇ હતી.

બીજી એક ઠગાઇ જોઇએ તો આ વખતે ગઠીયાએ ઓએલએક્સ પર વેંચવા મુકાયેલી કારનો સોદો કરી કાર મેળવી લીધી હતી. લાખેણી કારના માત્ર એક લાખ પીસ્તાલીસ હજાર આપ્યા હતાં. બાકીની રકમ ચુકવવા ચેક આપ્યો હતો. પરંતુ આ ચેક રીટર્ન થઇ જતાં કાર વેંચનારાને પોતાની સાથે ફ્રોડ થયાની ખબર પડી હતી. વિગતો પર નજર કરીએ તો વડોદરાના ધીરેન માકડીયાએ ઓએલએક્સ પર કાર વેચાણ માટે મૂકી હતી. રાજકોટના ઉમંગ કારિયાએ અમદાવાદમાં કાર ખરીદી, ૧.૪૫ લાખ રોકડા આપી બાકીની રકમનો ચેક આપ્યો. ચેક બાઉન્સ થતાં અને ઉમંગે કાર પરત આપવાની ના પાડતા છેતરપિંડી થઈ. ઉમંગે અગાઉ પણ આવી જ રીતે છેતરપિંડી કરી હતી. વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ડોદરાના ધીરેન માકડીયાએ પોતાની કાર ઓએલએક્સ પર વેચવા મૂકતા રાજકોટના ઉમંગ કારિયાએ સંપર્ક કરી અમદાવાદના વસ્ત્રાપુર ખાતે ડીલ નક્કી કરી હતી. ઉમંગે ૧.૪૫ લાખ રૂપિયા રોકડા અને બાકીની રકમનો ચેક આપી કાર મેળવી લીધી હતી, પરંતુ બાદમાં કાર પોતાના નામે ટ્રાન્સફર કરાવી લીધા પછી આપેલો ચેક બાઉન્સ થયો હતો.

બાકીના નાણાં માંગતા આરોપીએ ધમકી આપી કાર પરત કરવાની ના પાડી દીધી હતી. અગાઉ પણ આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી આચરનાર આ આરોપી સામે હાલ વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વડોદરામાં રહેતા ધીરેન માકડીયાએ થોડા મહિના પહેલા પોતાની કાર વેચવા માટે ઓએલએક્સ પર જાહેરાત મૂકી હતી. આ કાર ખરીદવા માટે રાજકોટના બેડીપરા સ્થિત આર્યનગરમાં રહેતા ઉમંગ કારિયાએ સંપર્ક કર્યો હતો અને ધીરેનભાઈને કાર લઈને અમદાવાદના વસ્ત્રાપુર ખાતે બોલાવ્યા હતા. વસ્ત્રાપુરમાં ડીલ નક્કી થયા બાદ ઉમંગે ૧.૪૫ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા.

જ્યારે બાકીની રકમનો ચેક આપ્યો હતો. આ સાથે જ બાકીના નાણાં ઓનલાઈન ટ્રાન્સફર કરી દેવાની ખાતરી આપીને કાર મેળવી લીધી હતી. બીજા દિવસે ઉમંગે ફોન કરીને જણાવ્યું કે તેનું બેંક એકાઉન્ટ ફ્રીઝ થયેલું છે, જેથી ચેક પછી જમા કરાવવો. આ દરમિયાન તેણે કાર પોતાના નામે ટ્રાન્સફર પણ કરાવી લીધી હતી. બાદમાં ધીરેનભાઈએ ચેક બેંકમાં જમા કરાવતા તે બાઉન્સ થયો હતો. આ અંગે ઉમંગનો સંપર્ક કરતા તેણે ધીરેનભાઈને ધમકી આપી નાણાં ચૂકવવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી ઉમંગ કારિયા સામે અગાઉ પણ આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી આચરવાના ગુના નોંધાઈ ચૂક્યા છે. આ સમગ્ર મામલે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

# પરણ્યાના પચ્ચીસમાં દિવસે પત્નિ પલાયન

## અંબાજી કડવા પ્લોટના યુવાને ત્રણ લાખ પણ ગુમાવ્યા: માલવીયાનગર પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા.૩૧

રાજકોટ: લગ્નવાંચ્છુ યુવાનોને કહેવાતા એજન્ટો પરપ્રાંતની-બીજા રાજ્યની કન્યા સાથે પરણાવી રૂપીયા ખંખેરી લેતા હોય છે અને લગ્ન બાદ કહેવાતી દુલ્હન-કન્યા થોડા જ દિવસમાં ભાગી જતી હોય છે. આવી જ એક ઘટના રાજકોટમાં બની છે જેમાં અંબાજી કડવા પ્લોટમાં રહેતાં અને આરટીઓ એજન્ટ તરીકે કામ કરતાં યુવાનને લગ્ન માટે નાગપુરની કન્યા બતાવી રૂા. ત્રણ લાખ મેળવી લેવાયા હતાં. જો કે પરણ્યાના પચ્ચીસમા દિવસે જ કન્યા છૂમંતર થઇ ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો આ ફ્રોડની ઘટનામાં માલીવયાનગર પોલીસે અંબાજી કડવા પ્લોટ મેઇન રોડ વૃજધામ એપાર્ટમેન્ટ બી-વીંગ રૂમ નં. ૪૦૧માં ચોથા માળે રહેતાં અને આરટીઓ એજન્ટ તરીકે કામ કરતાં અર્જુનભાઈ મુકેશભાઈ મહેતા નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી રાજકોટની પ્રવિણાબેન ભીખુભાઇ પરમાર, આનંદનગર કોલોની ભાવનગરના કમલેશ મનસુખભાઇ ભટ્ટી અને નાગપુરની મંગલા દત્તાત્રેય હીનખેડે તથા મહારાષ્ટ્રની નેહા વામજા વિરૂધ્ધ એફઆઇઆર નોંધી તપાસ શરૂ કરી હતી. ભોગ બનેલા યુવાન અર્જુનભાઇએ જણાવ્યા મુજબ તેઓ પોતાની




વૃદ્ધ માતાની સંભાળ અને લગ્ન માટે કોઈ સારી છોકરીની શોધમાં હતા. આ દરમિયાન કનુભાઈ અને પ્રવિણાબેન નામના દલાલો મારફતે નાગપુરની મંગલા દત્તાત્રેય હરીનખેડે નામની યુવતી સાથે તેમનો સંપર્ક થયો હતો.

પ્રવિણાબેન, મંગલા, કમલેશભાઈ ભટ્ટી અને મંગલાના માસી નેહાબેન વામજા રાજકોટ અર્જુનભાઇના ઘરે આવ્યા હતા. કમલેશભાઈ ભટ્ટીએ મંગલાના માતા-પિતા ન હોવાનું કહી અને પોતાની સાથે નાનપણથી દિકરી બનીને રહેતી હોવાનું જણાવી લગ્ન માટે મંગલાના માસીને ૩,૦૦,૦૦૦ આપવા પડશે તેવી શરત મુકી હતી. આ પછી તારીખ ૦૫/૦૨/૨૦૨૬ના રોજ કલેક્ટર કચેરી પાસે આવેલ નોંધણી વિભાગ અને જૂની કોર્ટ સામે વકીલ મારફતે લગ્નનો સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો. વકીલે મંગલાના દસ્તાવેજો અધુરા હોવાનું જણાવતા ફરિયાદીએ એક માસમાં બાકીના પુરાવા રજૂ કરવાનું વચન આપ્યું હતું.

કરાર થયા બાદ ફરિયાદીએ પોતાની કાર પાસે કમલેશભાઈને રોકડા રૂા. ત્રણ લાખ રોકડા ચુકવ્યા હતાં. જેમાંથી કમલેશભાઈએ પ્રવિણાબેનને પણ ભાગ આપ્યો હતો. લગ્ન બાદ મંગલા ફરિયાદીના ઘરે આશરે ૨૫ દિવસ રહી હતી. ત્યારબાદ દાદી અને બહેન બીમાર હોવાનું બહાનું કાઢીને તા. ૦૬/૦૫/૨૦૨૬ના રોજ નાગપુર જવા નીકળી ગઈ હતી. મંગલા ગયા બાદ તેનો ફોન બંધ આવવા લાગ્યો હતો. ફરિયાદીએ કબાટમાં તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે મંગલા કબાટમાંથી ફરિયાદીના પ્રથમ લગ્નના છૂટાછેડાના કાગળો, લગ્ન સમજુતીના દસ્તાવેજો તેમજ સોનાનો દાણો અને ચાંદીના સાંકળા લઈને ફરાર થઈ ગઈ હતી. આ રીતે કમલેશ ભટ્ટી, પ્રવિણાબેન, નેહાબેન વામજા અને મંગલાએ એકબીજાની મદદગારીથી કાવતરૂ રચીને લગ્નના નામે ૩,૦૦,૦૦૦ રોકડા તથા દાગીના પડાવી છેતરપિંડી આચરી હોઇ ફરિયાદ નોંધાવી હતી. માલવીયાનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. જે. ગોહિલે એફઆઇઆર દાખલ કરી કાર્યવાહી કરી હતી.

### હત્યાનો ભોગ બનનારના ભાઇઓ, પુત્રો સહિતના ટોળકી રચી તૂટી પડ્યા: રાયોટીંગ હેઠળ ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી

# ખૂન કેસનો ખાર રાખી મહિલાઓ-બાળા પર હુમલો

રાજકોટ, તા. ૩૧

રાજકોટ: અગાઉના હત્યાની ઘટનાનું મનદુ:ખ રાખી એક મહિલા, તેના વવાણ અને વેવાણની ભત્રીજી સહિતની પર હત્યાનો ભોગ બનનારના દિકરાઓ, ભાઇઓ સહિતે ટોળકી રચી હુમલો કરતાં મહિલાની આંગળી ભાંગી ગઇ હતી અને બીજા બેને મુંઢ ઇજા થઇ હતી. ઢેબર રોડ પીડીએમ ફાટક નજીક નારાયણનગરમાં આ ઘટના બનતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

અગાઉ વર્ષ ૨૦૨૪માં થયેલી હત્યાની ઘટનાનો ખાર રાખી હત્યાના ગુનાના આરોપીના પત્નિ સહિતની ઉપર હત્યાનો ભોગ બનનારના દિકરાઓ, ભાઇઓ સહિતે ટોળકી રચી સશસ્ત્ર હુમલો કરતાં આ બનાવમાં ભક્તિનગર પોલીસે ઢેબર રોડ પીડીએમ ફાટક સામે નારાયણનગર-૧૦ મફતીયાપરામાં રહેતાં મંજુબેન ભીમાભાઇ સોલંકીની ફરિયાદ પરથી તેના જ લત્તામાં રહેતાં અર્જુન સુરેશભાઇ સોલંકી, વિક્કી સુરેશભાઇ સોલંકી, ધ્રુવ પ્રવિણભાઇ સોલંકી, ભાદા દુલા સોલંકી અને મુકશ ભાદા સોલંકી સામે ગુનો નોંધ્યો હતો.

પોતાની ફરિયાદમાં મંજુબેને જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું. મારે સંતાનમાં ત્રણ દિકરા અને એક દિકરી છે. સોમવારે ૩૧મીએ સાંજે સાડા સાતેક વાગ્યે હું અને મારા બહેન ગંગાબેન તથા મારા વેવાણ મમતાબેન અને મારી દિકરી કોમલ તથા દિકરાની પત્નિ પ્રજ્ઞા મારા બહેન ગંગાની દિકરી પ્રદિક્ષા એમ બધા સાથે હતાં. ત્યારે લત્તામાં રહેતાં સુરેશ સોલંકી, ભાદા સોલંકીના નાના છોકરા અમને ગાળો દેતાં હોઇ જેથી ઘર પાસે ગોવિંદભાઇની દુકાન નજીક આ છોકરાઓને ગાળો ન બોલવા સમજાવી ઠપકો દીધો હતો.

આ છોકરા જતા રહ્યા બાદ થોડીવારમાં લત્તામાં રહેતો અર્જુન સોલંકી, વિક્કી, ધ્રુવ, ભાદા દુલા, મુકેશ સહિતના આવ્યા હતાં. તેના હાથમાં તલવાર, ધારીયા, પાઇપ હતાં. આ બધાએ અમારી સાથે જેમ તેમ બોલી ગાળો દઇ હુમલો કર્યો હતો. જેમાં મને માથામાં અર્જુને તલવારનો ઘા મારતાં મેં હાથ આડો રાખતાં હાથમાં ઇજા થઇ હતી. બાદમાં આ બધાએ મને ઢીકાપાટુ માર્યા હતાં. માણસો ભેગા થતાં આ બધા ભાગી ગયા હતાં. મને બચાવવા માટગે મારા વેવાણ મમતાબેન ભનુભાઇ પરમાર અને તેની ભત્રીજી પ્રદિક્ષા રાજુ સોલંકી વચ્ચે પડતાં તેને પણ ઇજા પહોંચાડાઇ હતી. અમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

જમોંથી મમતાબેન અને પ્રદિક્ષાને સિવ્લિમાં સારવાર અપાઇ હતી. મને વધુ સારવાર માટે મધુરમમાં ખસેડાઇ હતી. અહિ ડાબા હાથની ટચલી આંગળીમાં ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. આ બનાવનું કારણ એવુ છે કે વર્ષ ૨૦૨૪માં અમારા લત્તામાં રહેતાં સુરેશભાઇ ભાદાભાઇ સોલંકી સાથે મારા પતિ અને અમારા સગાને માથાકુટ થઇ હતી. જે ગુનામાં સુરેશભાઇનું ખૂન થઇ ગયું હતું. જેનો ખાનર રાખી સુરેશના દિકરા અર્જુન સોલંકી, વિક્કી, સુરેશના ભાઇ ભાદા, તેના દિકરા મુકેશ સહિતે મળી મંડળી રચી હુમલો કર્યો હતો. જેમાં મને આંગળીમાં ફ્રેકચર થયું હતું. તેમજ મારા વેવાણ અને તેની ભત્રીજીને મુંઢ ઇજા થઇ હતી. ઇન્સ. જે. ડી. પરમારના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. બી. રાણીંગાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### કાળનો પંજો અવિરત: વધુ પાંચ પરિવારના માળા થઇ ગયા વેરણછેરણ

# બાળાનું સર્પદંશથી, અન્યનું ઝેર પીવાથી મોત

## એક પરિવારની બાવીસ વર્ષની દિકરીનું બેભાન થયા બાદ મોત: એક વડીલને દિલ દગો દઇ ગયું: એક મહિલાનું બેભાન થયા પછી મૃત્યુ

રાજકોટ, તા. ૦૧

રાજકોટ: અપમૃત્યુની ઘટનાઓ દરરોજ કોઇને કોઇ પરિવારના માળા વેરણછેરણ કરી જાય છે. વધુ આવી પાંચ ઘટના બની હતી. જેમાં એક કિસ્સામાં પંદર વર્ષની બાળાનું સર્પદંશથી મોત થયું હતું. તો બીજા બનાવમાં અગીયાર વર્ષની બાળા અકળ કારણોસર ઝેરી દવા પી જતાં જીવ ગયો હતો. એક પરિવારની બાવીસ વર્ષની દિકરીનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. તો એક પરિવારના મોભીને દિલ દગો દઇ ગયું હતું. જ્યોર એક પરિવારના મહિલા સદસ્યનું પણ બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો સૌરાષ્ટ્રભરમાં વાડી વિસ્તારમાં સાપ અને ઝેરી જીવજંતુ કરડી જવાના બનાવો અવાર-નવાર બનતાં હોય છે. આવા બનાવ ઘણીવાર જીવલેણ પણ નીવડે છે. દરમિયાન લોધીકાના ચીભડા ગામે પંદર વર્ષની બાળાનું સર્પદંશથી મોત થતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વિશેષ વિગતો જોઇએ તો લોધીકાના ચીભડા ગામે વાડીમાં રહી મજૂરી કરતાં બહાદુરભાઇ સાંગોલીયાની દિકરી કાજલ નામની પંદર વર્ષની દિકરી વાડીમાં હતી ત્યારે સાપે દંશ મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે લોધીકા પોલીસને જાણ કરી હતી.

કાળોતરો કરડી જવાને કારણે મોતને શરણે ગયેલી કાજલ બે બહેન અને એક ભાઇમાં મોટી હતી. આ પરિવાર એમપી બોર્ડર પાસેનો વતની હોઇ મૃતદેહને અંતિમવિધી માટે વતન લઇ જવાયો હતો. બહાદુર સાંગોલીયા ચીભડા ગામે વાડીમાં રહી આ વાડીમાં તેમજ આસપાસની અન્ય વાડીઓમાં દાડીએ જતો હતો. દિકરીના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

બીજી એક કરૂણ ઘટનામાં જામનગરના ધ્રોલના લતીપરમાં ઝેરી દવા પી જવાને કારણે અગીયાર વર્ષની બાળાનું મોત થતાં મજૂર પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. લતીપુરમાં વાડીમાં રહી મજૂરી કરતાં દિનેશભાઇ બાંભણીયાની દિકરી શેમ્પા જે અગીયાર વર્ષની હતી તેણી અઠ્ઠાવીસમી તારીખે સવારે સાડા આઠેક વાગ્યે વાડીએ હતી ત્યારે ઝેરી દવા પી જતાં પડધરી હોસ્પિટલમાં ખસેડાઇ હતી. ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. અહિ સારવાર દરમિયાન ગત સાંજે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ કરતાં ધ્રોલ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર શેમ્પા એક ભાઇથી મોટી હતી. તેણે દવા શા માટે પીધી? તે અંગે પરિવારજનો અજાણ હોઇ ધ્રોલ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

અન્ય ત્રણ અપમૃત્યુના બનાવો જોઇએ તો મીલપરા મેઇન રોડ પર વૃંદાવન ડેરી સામે રહેતી બાવીસ વર્ષની વસુંધરા ગિરીશભાઇ સભાયા નામની યુવતિ રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેણી એક બહેનથી નાની હતી. પિતા કારખાનેદાર છે. તેણીને કેન્સરની બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકી મારફત જાણ થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

જ્યારે સહકાર સોસાયટી મેઇન રોડ કૃષ્ણનગર સોસાયટીમાં રહેતાં સવજીભાઇ કરસનભાઇ સાપરીયા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર સવજીભાઇ ચાર ભાઇમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે કડીયા કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું.

આ ઉપરાંત અન્ય ઘટનામાં બનાવમાં પોપટપરા સંતોષીનગરમાં રહેતાં પંચાવન વર્ષના પ્રભાબેન કાકુભાઇ પરમાર નામના મહિલા સવારે ચારેક વાગ્યે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનારને સંતાનમાં ચાર દિકરી અને બે દિકરા છે. પતિ ખેતી કરી ગુજરાન ચલાવે છે. પ્રભાબેનને ડાયાબીટીશ, બ્લડપ્રેશરની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું.હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી કાર્યવાહી કરી હતી. આમ વધુ પાંચ પરિવારોએ તહેવારના દિવસોમાં જ સ્વજનોને ગુમાવી દીધા હતાં.

વધુ માહિતી અનુસાર સિવિલ ડિફેન્સ હોમગાર્ડમાં પીઆઈ તરીકે ફરજ બજાવતા કવિતાબેન બ્રહ્મભટ્ટ પાસે મેક્સ લાઇફ ઈન્શ્યોરન્સની બે પોલિસીઓ હતી. અજાણ્યા શખ્સે પોતે ઇન્સ્યોરન્સ કંપનીનો -તિનિધિ હોવાનું જણાવી સંપર્ક કર્યો હતો. ત્યારબાદ મેનેજર તરીકે ઓળખ આપનાર ગઠિયાએ જણાવ્યું હતુ કે પોલિસી પર મળનારા ૮૦ ટકા નફામાંથી મોટો હિસ્સો એજન્ટ લઈ જશે, જેથી પોલિસી બંધ કરાવી દેવામાં આવે તો મૂળ રકમ સહિત મોટો આર્થિક લાભ થશે. આ પ્રક્રિયા માટે -થમ ચરણમાં પોલિસી બંધ કરવાના ચાર્જ પેટે ૯૯,૨૨૭ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ ગઠિયાઓએ પોલિસી પાકી ગઈ હોવાથી સંપૂર્ણ રકમ ખાતામાં જમા કરાવવાના બહાને જીએસટી ૪,૪૩,૭૩૭ ભરવા માટે ક્યૂઆર કોડ મોકલ્યો હતો. મહિલા પીઆઈએ પોતાની પોલિસીની રકમ પરત મેળવવા અલગ-અલગ બેન્ક ખાતાઓ મારફતે કુલ ૫,૪૨,૯૬૪ જમા કરાવ્યા હતા. આટલી મોટી રકમ ચૂકવ્યા બાદ પણ કોઈ રકમ પરત ન મળતાં અને સામેથી સંપર્ક તૂટી જતાં પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતાં તેમણે અમદાવાદ સાયબર ક્રાઇમ સેલમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

### ઉછીના આપેલા પૈસાની ઉઘરાણી મામલે છરીના ઘા ઝીંકી તપાવી દીધો હતો

# દોઢ વર્ષ પહેલાની હત્યાનો આરોપી ઝડપાયો

## નવો ફોન ઇએમઆઇથી લીધો હોઇ યુપીઆઇ ટ્રાન્જેકશન કરતાં મહત્વવની કડી મળી અને પોલીસ હત્યારા સુધી પહોંચીઃ વેશપલ્ટો કરી દબોચી લીધો

રાજકોટ, તા.૦૧

રાજકોટઃ પોલીસ ધારે તો ગુનેગાર ગમે ત્યાં છુપાયો હોય અને ગમે એટલા વર્ષથી ફરાર હોય તેને પકડી લેવામાં સફળતા મળી જ જતી હોય છે. શાતીર ગુનેગારો ગુનો આચરીને ભાગી ગયા પછી ઘણીવાર લાંબા સમય સુધી પોલીસના હાથમાં આવતા હોતા નથી. દરમિયાન પોલીસે એક દોઢ વર્ષ પહેલાની મર્ડર મિસ્ટ્રી ઉકેલી મુખ્ય આરોપીને ઝડપી લેવામાં સફળતા મેળવી હતી. આ શખ્સ પોતાના જ મિત્રની હત્યા કરી ભાગી ગયો હતો. દોઢ વર્ષ બાદ તેણે એક યુપીઆઇ ટ્રાન્જેકશન કરતાં પોલીસને મહત્વની કડી મળી હતી અને બિહાર પહોંચી તેને દબોચી લીધો હતો.



વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના ઇચ્છાપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દોઢ વર્ષ અગાઉ બનેલા ચકચારી હત્યા કેસના મુખ્ય આરોપીને દબોચવામાં પોલીસને મોટી સફળતા મળી છે. મિત્રની કરપીણ હત્યા કરીને લાંબા સમયથી પોલીસને થાપ આપી રહેલા મુખ્ય હત્યારાને પકડવા માટે ઇચ્છાપોર પોલીસની એક વિશેષ ટીમ છેક બિહારના સિવાન જિલ્લામાં પહોંચી ગઈ હતી. સ્થાનિક માર્કેટમાં ભીડ વચ્ચે છુપાઈને રહેતા આરોપીને કોઈપણ પ્રકારની શંકા ન જાય તે હેતુથી સુરત પોલીસે ખાખી વર્દી ત્યજીને સ્થાનિક બિહારી વેશ ધારણ કર્યો હતો. ધરપકડની અંતિમ ક્ષણો પૂર્વે પોલીસ કોન્સ્ટેબલ જૈમિનદાન ભરતદાન દ્વારા શૂટ કરાયેલા વ્લોગમાં શાકભાજી અને ફળોની લારીઓ વચ્ચે સામાન્ય નાગરિક બનીને ગોઠવેલી ગુપ્ત વોચના દ્રશ્યો કેદ થયા હતા.

વધુ માહિતી અનુસાર સમગ્ર હત્યાકાંડની વિગતો એવી છે કે મુળ ઉત્તર પ્રદેશના વતની અને સુરતના ભાટપોર ગામ ખાતે રહેતા રોહિતગીરી મકસુદનગીરીએ આરોપી પાસેથી ઉછીના નાણાં લીધા હતા. લાંબો સમય વીતવા છતાં પૂરા પૈસા પરત ન આપતાં રોહિતગીરીએ હવે બીજા પૈસા નહીં મળે, તારે જે કરવું હોય તે કરી લેજે તેમ કહી રોકડું પરખાવી દીધું હતું. આ બાબતનો ખાર રાખીને આરોપીઓએ ભાટપોર તરફ જતા જાહેર માર્ગ પર નોકરી પરથી ઘરે પરત ફરી રહેલા રોહિતગીરીને ઘેરી લીધા હતા અને તીક્ષ્ણ હથિયારો વડે ગળા, પેટ, હાથ તેમજ પગના ભાગે જીવલેણ ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી હતી.

ત્યારબાદ આ ભયાનક વારદાતને અંજામ આપ્યા બાદ મુખ્ય સૂત્રધાર કરણકુમાર સુરજસિંહ રાજપુત સુરતથી નાસીને સીધો મુંબઈ ભાગી ગયો હતો અને પોતાનો મોબાઇલ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. પોલીસ ધરપકડથી બચવા માટે તે સતત પોતાના રહેઠાણ અને રાજ્યો બદલતો રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન તેણે કર્ણાટક તેમજ ઝારખંડના ટાટા જમશેદપુરમાં ઓળખ છુપાવીને મજૂરીકામ કર્યું હતું. છેલ્લા એક મહિનાથી તે પોતાના વતન બિહારના સિવાન જિલ્લા સ્થિત કૌડિયા ગામે કોઈપણ કામધંધા વિના છુપાઈને દિવસો વિતાવી રહ્યો હતો.

હત્યા કરનાર શાતિર આરોપી કરણકુમારે ઇએમઆઇ પર નવો મોબાઇલ ખરીદવાના ચક્કરમાં પોતાના જૂના મોબાઇલ નંબરને યુપીઆઇ એપ્લિકેશનમાંથી હટાવીને નવો નંબર લિંક કરવાનો પ્રયાસ કર્યો હતો. સાયબર અને ટેકનિકલ સર્વેલન્સમાં આ ડિજિટલ હિલચાલ તાત્કાલિક ડિટેક્ટ થઈ ગઈ હતી. સુરત ટેકનિકલ સેલ દ્વારા લોકેશન બિહારના સિવાન ખાતે હોવાની પુષ્ટિ મળતાં જ ઇચ્છાપોર પોલીસની ટીમ તાબડતોબ બિહાર રવાના થઈ ગઈ હતી અને સ્થાનિક બજારમાંથી તેને રંગેહાથ ઝડપી લીધો હતો.

આ ગુનામાં અગાઉ પોલીસે સહઆરોપી વિક્રાંતકુમાર રામબાબુસિંગ રાજપુત અને વિવેકકુમાર ઉર્ફે સિદ્ધાર્થ રામબાબુસિંગ રાજપુતની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. પરંતુ મુખ્ય આરોપી કરણકુમાર છેલ્લા દોઢ વર્ષથી ફરાર હતો. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે ઝડપાયેલા આરોપી કરણકુમાર સામે બિહારના ભગવાનપુર હાટ પોલીસ મથકમાં પણ અગાઉ ગુનાહિત ઈતિહાસ નોંધાયેલો હતો. ઇચ્છાપોર પોલીસે આરોપીનો કબજો મેળવી સુરત લાવીને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. આમ હત્યાના ગુનામાં દોઢ વર્ષ સુધી ફરાર રહેલા શખ્સે યુપીઆઇ ટ્રાન્જેકશન કરતાં જ પોલીસને મહત્વની કડી મળી હતી અને આરોપી ઝડપાઇ ગયો હતો.

### બકાલાની લારીની જગ્યા પચાવી પાડવા એક શખ્સે પોતાના પત્નિ, પુત્ર, પુત્રવધૂ સાથે મળી તૂટી પડ્યો

# તારી જગ્યા મને ગમે છે, ખાલી કરઃ કેન્સરગ્રસ્ત મહિલા પર હુમલો

રાજકોટ તા. ૦૧

રાજકોટઃ દાદાગીરના કિસ્સા અનેક વખત પોલીસ ચોપડે ચડે છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો હતો જેમાં કેન્સરગ્રસ્ત મહિલા કે જે ઝૂપડામાં રહે છે અને ઝૂપડા પાસે જ શાકભાજીની લારી રાખી ગુજરાન ચલાવે છે તેની આ લારી રાખવાની જગ્યા પચાવી પાડવાના ઇરાદે એક શખ્સે પોતાના પરિવારજનો સાથે મળી આ મહિલાને ગાળો દઇ જગ્યા ખાલી કરી ભાગી જવાનું કહી મારકુટ કરી ખૂનની ધમકી આપતાં ફરિયાદ નોંધાવાતા પોલીસે કાર્યવાહી કરી હતી.



વિગતો પર નજર કરીએ તો નવાગામ છપ્પનીયા ક્વાર્ટર નજીક હાલ બહેન સાથે રહેતાં અને સાત હનુમાન પાછળ ઝૂપડુ ધરાવતાં તેમજ ત્યાં જ શાકભાજીની લારી રાખી ગુજરાન ચલાવતાં કેન્સરગ્રસ્ત મહિલાને દેવીપૂજક શખ્સે મને તારી આ શાકભાજીની લારીવાળી જગ્યા ખુબ ગમે છે, તું જગ્યા ખાલી કરી નાંખ કહી પોતાની પત્નિ, પુત્ર, પુત્રવધૂ સાથે મળી હુમલો કરી માર મારી ખૂનની ધમકી આપી હતી. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદપર છપ્પનીયા ક્વાર્ટર શક્તિ સોસાયછટી-૫માં રહેતાં આડત્રીસ વર્ષના અલ્પાબેન રતિલાલ મુળીયાની ફરિયાદ પરથી તેના જ પડોશમાં દિવેલીયાપરામાં રહેતાં નિલેષ દેવીપૂજક, તેની પત્નિ, મોટો દિકરો અને મોટા દિકરાની પત્નિ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

વધુ માહિતી અનુસાર અલ્પાબેન શાકભાજી વેંચી ગુજરાન ચલાવે છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હાલ હું મારા બહેન વર્ષાબેન જગદીશભાઇ ચૌહાણ સાથે દસેક દિવસથી રહુ છું. અગાઉ સાત હનુમાન મંદિર પાછળ કોકોકાલાના કારખાના નજીક ઝુપડુ વાળીને એકલી રહેતી હતી અને ઝુપડા પાસે જ શાકભાજીની લારી રાખી ગુજરાન ચલાવતી હતી. મારા પતિ હયાત નથી. માતા નવાગામ રહે છે. મારો ભાઇ પણ સાથે રહે છે. પતિથી અણબનાવ હોઇ જેથી હું બે વર્ષથી અલગ રહુ છું અને મને કેન્સરની બિમારી પણ છે. ફરિયાદમાં જણાવાયું છે કે નવાગામ દીવેલીયાપરામાં રહેતો નીલેશ દેવીપૂજક નામનો શખ્સ અલ્પાબેનની શાકભાજીની રેકડીવાળી જગ્યા પચાવી પાડવા માંગતો હતો.

તે અવારનવાર અલ્પાબેન પાસે આવીને આ જગ્યા મને બહુ ગમે છે, તું આ ખાલી કરીને જતી રહે તેમ કહી ધમકાવતો હતો. જપણ અલ્પાબેને પોતે એકલા હોવાનું અને આ ધંધા પર જ નભતા હોવાનું કહી જગ્યા ખાલી કરવાની ના પાડી હતી. આ પછી ગઈ ગત ચૌદમીના રોજ સાંજના પાંચેક વાગ્યે અલ્પાબેન પોતાની રેકડીએ હાજર હતા ત્યારે નીલેશ દેવીપૂજક, તેની પત્નિ, દિકરા, પુત્રવધૂ સાથે ત્યાં આવ્યા હતા અને હજુ તે જગ્યા કેમ ખાલી નથી કરી તેમ કહીનેગાળો ભાંડી હતી. અલ્પાબેને ગાળો બોલવાની ના પાડતા નીલેશની પત્નિ અને પુત્રવધૂએ અલ્પાબેનને હાથે-પગે તથા છાતીના ભાગે ઢીકાપાટુનો ઢોરમાર માર્યો હતો. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં આ ચારેય ભાગી ગયા હતાં.

પણ જતાં જતાં આજે તો તું બચી ગઇ છો, જગ્યા ખાલી નહિ કર તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. અલ્પાબેને ૧૧૨માં ફોન કરી પોલીસ બોલાવી હતી. એ દરમિયાન તેણી બેભાન થઇ જતાં ૧૦૮ બોલાવી સારવાર માટે ખસેડાયા હતાં. કુવાડવા એએસઆઇ કે. વી. જાડેજાએ એફઆઇઆર દાખલ કરી કાર્યવાહી કરી હતી.

# સિતારામે કહ્યું ને ગુમાવ્યા ૧૯ લાખ

## બીજા કિસ્સામાં ઓનલાઇન ગેમીંગમાં ફસાવી યુવાનને વ્યાજ લેવા કર્યો મજબૂર

રાજકોટ, તા.૦૧

રાજકોટઃ ફ્રોડના રોજબરોજ બની રહેલા કિસ્સાઓમાં સાયબર ગઠીયાઓને રોજેરોજ સરળતાથી પોતાનો શિકાર મળી રહે છે. આનું કારણ છે કે લોકો સંપુર્ણ જાગૃત થઇ રહ્યા નથી. સાયબર ફ્રોડ સામે આમ તો અનેક લોકો હવે સમજતા થઇ ગયા છે. પરંતુ અનેક એવા પણ છે જે સરળતાથી ગઠીયાઓની જાળમાં આવી જાય છે. વધુ એક વખત ક્રેડીટ કાર્ડની લિમીટ વધારવાના નામે લાખોની ઠગાઇ થઇ ગઇ હતી. જેમાં લાકડાના વેપારી સાથે આ ફ્રોડ થયું હતું. ગઠીયો તેના એકાઉન્ટમાંથી અઢાર લાખ સત્યાસી હજાર ઉસેડી જવામાં સફળ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં ક્રેડિટ કાર્ડ લિમિટ વધારવાના બહાને ટીમ્બર વુડના વેપારી પથિક પટેલને સાયબર છેતરપિંડીનો ભોગ બનવું પડ્યું હતું. આરોપી સીતારામ સૈનીએ પોતાને બેંક કર્મચારી જણાવી લિંક મોકલી અને ઓટીપી મેળવી કુલ ૧૮.૮૭ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. તરસાલી પાટીદાર પાર્ક સોસાયટીમાં રહેતા અને ટીમ્બર વુડનો બિઝનેસ કરતા પથિક કિશોરભાઇ પટેલે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારા મોબાઇલ પર કોલ આવ્યો હતો. ફોન કરનારે પોતે એક્સિસ બેંકનો કર્મચારી સીતારામ સૈની હોવાનું જણાવી મારા ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની વાત કરી હતી. ત્યારબાદ તેણે મને વોટ્સએપ પર એક લિંક મોકલી હતી. ત્યારબાદ તેના પર ક્લિક કરીને ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની પ્રક્રિયા કરવા જણાવ્યું હતું. થોડા સમય બાદ મારા વોટ્સએપ પર રૂપિયા ૪,૫૦૦ની કેશબેક ઓફર મળવાની વાત કરતો મેસેજ આવ્યો હતો. તેમાં મોકલેલી લિંક ખોલતાં એક્સિસ બેંક જેવું પેજ ખુલ્યું હતું. મેં ક્રેડિટ કાર્ડના ઓપ્શનમાં જઇને યસ લખ્યું હતું. બીજા દિવસે સવારે ફરીથી સીતારામ સૈનીનો કોલ આવ્યો હતો. ત્યારબાદ ફોન કરનારે મારા ક્રેડિટ કાર્ડની લિમિટ કેટલી વધારવી છે તેવું પૂછતાં મેં ૨ લાખ સુધીની લિમિટ રાખવા જણાવ્યું હતું. ત્યારબાદ તેણે મારા ડેબિટ કાર્ડની વિગતો માંગી હતી. મેં તેને ડેબિટ કાર્ડની માહિતી આપી હતી. વેરિફિકેશનના બહાને મારા મોબાઇલ પર આવેલા ઓટીપી પણ મેં તેને આપી દીધા હતા.

આ પછી અલગ અલગ છ દિવસ દરમિયાન મારા ખાતામાંથી મારી જાણ બહાર અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૧૮,૮૭,૫૧૩ ઉપાડી લેવામાં આવ્યા હોવાનું મને જાણવા મળ્યું હતું. આ ઉપરાંત મારી જાણ બહાર બે એફ.ડી. પણ તોડી નાખવામાં આવી હતી. આમ સાયબર ગઠીયા વધુ એક વખત બેંક કર્મચારીનો સ્વાંગ રચી ક્રેડીટ કાર્ડની લિમીટી વધારી આપવાના તનામે લાખો ઉસેડી ગયા હતાં. બેંક તરફથી આ રીતે કદી પણ ફોન કોલ્સ આવતાં હોતા નથી. જો આ રીતે ખરેખર બેંકના નામે કોલ આવે મેસેજ આવે તો શક્ય હોય ત્યાં સુધી પ્રોસીઝર કરતાં પહેલા પુરે પુરી ખરાઇ કરવી અને જો નજીકમાં બેંક હોય તો રૂબરૂ જઇ આવવું અને ખરાઇ કર્યા બાદ જ આગળની પ્રોસીઝર કરવી. જેથી કરીને આવા ફ્રોડથી બચી શકાય.

અન્ય એક કિસ્સામાં વ્યાજખોરી સામે વધુ એક ગુનો નોંધાયો હતો. અમદાવાદના રાણીપમાં એક યુવકે ધંધા માટે ૨ ભાઈઓ પાસેથી દોઢ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. યુવકે વ્યાજ સહિત આશરે ૨૫ લાખ ચૂકવ્યા છતાં, આરોપીઓએ દસ ટકા વ્યાજની માંગણી કરી ધમકી આપી બે કોરા ચેક પડાવી લીધા. રાણીપ પોલીસે મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. રાણીપ વિસ્તારમાં રહેતા એક યુવકે બે વર્ષ પહેલાં બે ભાઈઓ પાસેથી ધંધો કરવા માટે ૧.૫ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. આ રકમ સામે યુવકે અલગ-અલગ સમયે વ્યાજ સહિત આશરે ૨૫ લાખ રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં બંને ભાઈઓએ યુવક પાસે ૧૦ ટકા વ્યાજની માંગણી કરી, ધમકી આપીને બે કોરા ચેક પડાવી લીધા હતા

વધુ માહિતી અનુસાર રાણીપ સ્થિત સાબરમતી સેન્ટ્રલ જેલ ક્વાર્ટર્સમાં રહેતા અભય પરમાર નામના યુવકને ધંધો કરવાનો હોવાથી, તેના પિતા સાથે જેલ સ્ટાફમાં નોકરી કરતા મગનભાઈ દેસાઈના પુત્રો વિક્રમ દેસાઈ અને જયેશ દેસાઈ પાસેથી ૩ ટકા વ્યાજે ૧.૫ લાખ રૂપિયા લીધા હતા. શરૂઆતના મહિનાઓમાં અભયે આશરે ૧૨ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. તેમ છતાં નાણાં બાકી હોવાનું કહીને બંને ભાઈઓએ ૧૦ ટકા વ્યાજની માંગણી કરી ફરીથી ૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

ત્યાર બાદ અભયે અન્ય લોકો પાસેથી પણ નાણાં મેળવીને કુલ ૨૫ લાખ રૂપિયા સુધીની ચૂકવણી કરી હતી. આમ છતાં, બંને ભાઈઓએ નાણાંની ઉઘરાણી ચાલુ રાખીને ધમકી આપી કોરા ચેક લખાવી લીધા હતા. આ કેસમાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે વિક્રમે અભયને ઓનલાઈન ગેમિંગ રમવા કહ્યું હતુ અને તેના ખાતામાં પૈસા જમા કરાવવાની લાલચ આપી હતી. વિક્રમ એકાઉન્ટમાં પૈસા નાખતો અને અભય ગેમ રમીને કમાણી કરી આપતો હતો. જેના કારણે અભયના બેંક ખાતામાં મોટો નાણાકીય વ્યવહાર થતાં તેનું એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયું હતું. આમ, યુવક નવી નાણાકીય મુસીબતમાં ફસાયો હતો. આ સમગ્ર મામલે રાણીપ પોલીસે ગુનો નોંધી વ્યાજખોરી કરતા બંને ભાઈઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### વિકૃતી હવસખોરીની ત્રણ ઘટનાઓએ પોલીસને દોડતી કરી દીધી

# બે સગીરા સાથે ઢગાઓએ આચર્યુ દુષ્કર્મ

## એકને લગ્નની લાલચ આપી ફસાવી, બીજીને ભગવાનની સાક્ષીએ મંગલસુત્ર પહેરાવી લગ્નનું નાટક કરી દેહ પીંખ્યો : ત્રીજી ઘટનામાં પાંચ વર્ષની બાળકીની છેડતી

રાજકોટઃ સગીરાઓ ફસાવીને હવસખોરી આચરવાના બનાવો વધી ગયા છે. કોઇપણ રીતે પહેલા સગીરા સાથે મિત્રતા બાંધી પછી પ્રેમના ખેલ ખેલી લગ્નની લાલચ આપી તેણીને ભગાડી જઇ દૂષ્કર્મ આચરી લેવામાં આવતું હોય છે અને બાદમાં તેણીને તરછોડી દઇ લેભાગુ ભાગી જતાં હોય છે. આવા વધુ બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક સગીરા સાથે સાહીલ શેખ નામના શખ્સે મિત્રતા કેળવી પછી પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ અહચરી લીધુ હતું. છેલ્લે સગીરાએ ત્રાસને કારણે ફિનાઇલ પી લધુ હતું. બીજી ઘટનામાં એસ સગીરાને ઢગાએ ફસાવી મંગલસુત્ર પહેરાવી પત્નિ બનાવી વારંવાર દેહસંબંધ બાંધી પછી લગ્નની ના પાડી દીધી હતી. ત્રીજી ઘટનામાં એક વિકૃત ઢગાએ પાંચ વર્ષની બાળકીની છેડતી કરી લીધી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી સગીરા સાથે રાંદેરના સાહીલ શેખ નામના યુવકે મિત્રતા કેળવી હતી. આરોપી સગીરાને પોતાના મિત્રના બંધ મકાનમાં લઈ ગયો હતો અને ભોગ બનનાર કિશોરી સગીર હોવાની સંપૂર્ણ જાણકારી હોવા છતાં તેને જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતો રહ્યો હતો. આખરે ત્રાસથી કંટાળેલી સગીરાએ હિંમત દાખવી પરિવારને આપવીતી જણાવતાં કતારગામ પોલીસ મથકે પોક્સો અને બીએનએસ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. હવસખોરને શોધી કાઢવા પોલીસે તજવીજ આદરી હતી.

બીજી ઘટના જોઇએ તો અમરોલી ખાતે રહેતી યુવતીને કોસમાડા ગામના મનીષ સોજીત્રા નામના શખ્સે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી. આરોપીએ યુવતીના ઘરના મંદિરમાં ભગવાનની સાક્ષીએ મંગળસૂત્ર પહેરાવી અને સિંદૂર પૂરી તેને પોતાની પત્નિ તરીકે રાખી હતી તેમજ તેની સાથે અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. લાંબો સમય શોષણ



કર્યા બાદ યુવતીએ વિધિવત લગ્ન કરવાની વાત કરતાં આરોપીએ સાથ છોડી લગ્ન કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. ભોગ બનનાર યુવતીની ફરિયાદના આધારે અમરોલી પોલીસે છેતરપિંડી અને દુષ્કર્મનો ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

ત્રીજી ઘટનામાં એક વિકૃત ઢગાએ હદ વટાવી દીધી હતી. લિંબાયત વિસ્તારમાં ઘર બહાર નિર્દોષ ભાવે રમી રહેલી સાડા પાંચ વર્ષની બાળકીનું ઈરફાન નાડી નામના શખ્સે મોં દબાવીને અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. આરોપી માસૂમ બાળકીને અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો અને જો કોઈને કહીશ તો ખાડીમાં ફેંકી દેવાની ધમકી આપી અડપલાં કરવા લાગ્યો હતો. પણ બાળકીએ સમયસૂચકતા વાપરી જોરજોરથી બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતો. જેથી આરોપી સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. આ મામલે લિંબાયત પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા તજવીજ શરૂ કરી હતી.

આમ સગીરાઓ બાળાઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ભા કરતી ત્રણ અલગ-અલગ ઘટનાઓ સામે આવી હતી. જેના કારણે પોલીસને દોડધામ થઇ પડી હતી. શહેરના લિંબાયત, કતારગામ અને અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બનાવો બન્યા હતાં. જેમાં પાંચ વર્ષની માસૂમ બાળકીને ઉઠાવી જઈ છેડતી કરવાનો પ્રયાસ, સગીરા સાથે મિત્રતાના નામે દુષ્કર્મ તેમજ ભગવાનની સાક્ષીએ નકલી લગ્ન કરી યુવતી સાથે છેતરપિંડી અને શારીરિક શોષણ આચરવાના બનાવો બન્યા હતાં. આ ત્રણેય મામલે સ્થાનિક પોલીસ મથકોમાં પોક્સો અને બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુના નોંધી પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી હતી. અવાર-નવાર બની રહેલી આવી ઘટનાઓ વાલીઓ માટે પણ લાલબત્તી સમાન છે.

### આવાસ યોજના વિભાગ કેટલાક સમયથી વિવાદમાં

# મનપામાં આવાસ ફાળવણીમાં ગેરરીતિ?

## ૧૧ પરિવારોને ૨૨ ક્વાર્ટર પધરાવી દેવાયાનો સનસનાટીપૂર્ણ ધડાકો : ચેકિંગ માત્ર નામનું?

રાજકોટ, તા. ૧

રાજકોટ મહાનગરપાલિકા (છમ્બઈ) નો આવાસ યોજના વિભાગ છેલ્લા કેટલાક સમયથી સતત વિવાદોના વંટોળમાં ઘેરાયેલો છે. ગરીબ અને મધ્યમ વર્ગના નિરાધાર પરિવારો પોતાના સ્વપનનું ઘર મેળવવા માટે વર્ષો સુધી કતારમાં ઉભા રહે છે, ત્યારે બીજી તરફ સત્તા અને નાણાંના જોરે એક જ પરિવારના સભ્યો બબ્બે આવાસો પચાવી પાડતા હોવાનો પર્દાફાશ થયો છે. ગત અઠવાડિયે માતા-પુત્રને બે જુદી જુદી યોજનામાં ક્વાર્ટર ફાળવાયાનો કિસ્સો પ્રકાશમાં આવ્યા બાદ શરૂ થયેલી તપાસમાં આજે વધુ એક મોટો ધડાકો થયો છે. કમિટીની પ્રાથમિક ચકાસણીમાં વધુ ૧૧ પરિવારો એવા મળી આવ્યા છે જેમને એક જ નામે અલગ અલગ જગ્યાએ કુલ ૨૨ ક્વાર્ટર ફાળવી દેવાયા છે.

આ સમગ્ર કૌભાંડમાં જે ચોંકાવનારી વિગતો સામે આવી છે તે મુજબ, લાભાર્થીઓની યાદીમાં આધારકાર્ડ નંબર એકસરખા જ છે, પરંતુ માત્ર મોબાઈલ નંબર જુદા જુદા દર્શાવીને સિસ્ટમ સાથે ચેડાં કરવામાં આવ્યા છે. મનપાની ડિજિટલ સિસ્ટમ અને સોફ્ટવેર એક જ આધારકાર્ડ નંબર પર બીજી વાર અરજી થાય તો તેને 'ડુપ્લિકેટ' દર્શાવીને રિજેક્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. છતાં વર્ષોથી આ સિસ્ટમને બાયપાસ કરીને ડુપ્લિકેટ લાભાર્થીઓને ક્વાર્ટર કેવી રીતે ફાળવી દેવાયા તે સવાલ ઉભો થયો છે. છેલ્લા ૬ થી ૭ વર્ષથી ચાલતી આ પ્રવૃત્તિમાં આવાસ યોજના વિભાગના અધિકારીઓએ ક્યારેય આધારકાર્ડની રી-વેરિફિકેશન પ્રક્રિયા હાથ ધરી જ નથી. ચેકિંગના નામે માત્ર કાગળ પર જ નાટક કરવામાં આવ્યા હોવાની છાપ ઊભી થઈ છે.

કૌભાંડની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હાઉસીંગ કમિટીના ચેરમેન દિલીપ લુણાગરીયાએ જાતે મોરચો સંભાળ્યો છે. તેમણે જૂના પ્રકરણોની ફાઈલો ઉખેડીને સ્થળ તપાસ શરૂ કરતાં જ કૌભાંડીઓની પોલ ખુલવા લાગી હતી. ચેરમેન દિલીપ લુણાગરીયાએ આ મામલે મેયર ડો. નેહલ શુકલ સાથે પણ ઈમરજન્સી બેઠક યોજીને સમગ્ર પરિસ્થિતિથી માહિતગાર કર્યા હતા. મેયરે આ મામલે સ્પષ્ટ વલણ અપનાવતા નિર્દેશ આપ્યો છે કે, નિયમ વિરુદ્ધ કંઈપણ ખોટું થયું હોય કે ગેરરીતિ



આચરવામાં આવી હોય, તો જવાબદાર અધિકારી કે કર્મચારી સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવે. તપાસ દરમિયાન એ પણ સામે આવ્યું છે કે જો આવા ડુપ્લિકેટ અને બોગસ પ્રકરણો પકડાય તો તેમની સામે શું કાનૂની કાર્યવાહી કરવી કે ક્વાર્ટર કેવી રીતે જપ્ત કરવા, તેની મનપા પાસે કોઈ સ્પષ્ટ ગાઈડલાઈન જ નથી. તપાસ દરમિયાન રાણી ટાવર પાછળના ક્વાર્ટર, હેવલોક એપાર્ટમેન્ટ (જડુસ રોડ), સ્માર્ટ સીટી એરિયાનું લાઈટ હાઉસ, પુનિતપાર્ક (વાવડી) અને સ્માર્ટઘર જેવા મોંઘા અને પ્રાઈમ લોકેશનના આવાસોમાં આ ગોલમાલ થઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### માતા અને પુત્રના કિસ્સાથી શરૂ થઈ કૌભાંડની કડી

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબોને છત આપવાનો દાવો કરાતો હોય છે, પણ રાજકોટમાં આ યોજના કૌભાંડીઓ માટે કમાણીનું સાધન બની ગઈ છે. ગત સપ્તાહે હાર્દિક અશોકભાઈ જોશી અને હેમાબેન અશોકભાઈ જોશી (માતા-પુત્ર) ને વર્ષ ૨૦૨૩ માં મવડી સ્થિત 'કૃષ્ણ ટાઉનશીપ' (ઇં-૧૦૨) માં અને ત્યારબાદ વર્ષ ૨૦૨૫ માં 'જીજાબાઈ ટાઉનશીપ લાઈટહાઉસ' (સ્માર્ટ સીટી) માં ૧૦/૭૦૮ નંબરનું ક્વાર્ટર લાગ્યું હોવાનું બહાર આવ્યું હતું. આ એક કિસ્સાની તપાસ આગળ વધતાં જ ૧૧ પરિવારોનું આખું નેટવર્ક સામે આવી ગયું છે.

### રાજકીય ભલામણો અને આકાઓના આશીર્વાદ: કોર્પોરેશન લોબીમાં ગરમાવો

આવાસ યોજના વિભાગ હવે સંપૂર્ણપણે શંકાના ઘેરામાં છે. કોર્પોરેશનની લોબીમાં ચાલતી ચર્ચાઓ મુજબ, કોઈ ચૂંટાયેલા પદાધિકારી કે વગદાર રાજકીય આકાઓના આશીર્વાદ વગર આટલું મોટું કૌભાંડ ૬-૭ વર્ષ સુધી સતત ચાલી જ ન શકે. હાલમાં આ મામલે તટસ્થ તપાસ શરૂ થતાં જ અનેક પૂર્વ અને વર્તમાન અધિકારીઓ તેમજ રાજકીય નેતાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પાપ છાપરે ચડીને પોકારી રહ્યું છે ત્યારે હવે રાજકીય આકાઓ દ્વારા આ તપાસને રફેદફે કરવા માટે ભલામણોનો દોર પણ શરૂ થઈ ગયો છે. જો ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવશે તો આ કૌભાંડના છેડા રાજકીય નેતાઓની ચેમ્બર સુધી પહોંચશે તે નક્કી છે.

### સંગઠનમાં 'ટોપ-ટુ-બોટમ' ફેરફાર સાથે પક્ષ સંપૂર્ણ 'ઈલેક્શન મોડ'માં

# વિધાનસભા ચૂંટણી પૂર્વે કોંગ્રેસનો માસ્ટરપ્લાન



રાજકોટ, તા.૧

આગામી વર્ષના અંતે યોજાનારી ગુજરાત વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પક્ષે એડવાન્સ તૈયારીના ભાગરૂપે અત્યારથી જ વ્યૂહાત્મક મોરચાબંધી શરૂ કરી દીધી છે. લાંબા સમયથી અટકેલા સંગઠન માળખાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને આગામી એકાદ અઠવાડિયામાં જ નવા પ્રદેશ સંગઠનની સત્તાવાર જાહેરાત થાય તેવી પ્રબળ શક્યતાઓ છે. આ કવાયતના ભાગરૂપે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ તાજેતરમાં જ દિલ્હીની ટૂંકી મુલાકાત લઈને હાઈકમાન્ડ સાથે મહત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યમાં પક્ષની વર્તમાન સ્થિતિ, જૂના સંગઠનનું પરફોર્મન્સ, છેલ્લી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો અને સ્થાનિક આગેવાનોની મહેનત અંગેનો એક વિસ્તૃત રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. કેન્દ્રીય નેતાગીરીએ પણ પોતાના સ્વતંત્ર સર્વેના આધારે તમામ પાસાંઓની ચકાસણી કરીને સંગઠનમાં જરૂરી ફેરફારો કરવાનો રોડમેપ તૈયાર કરી લીધો છે. હવે માત્ર દિલ્હીથી તેની સત્તાવાર જાહેરાત થવાની જ રાહ જોવાઈ રહી છે, જેમાં પ્રદેશ પ્રમુખ ઉપરાંત ઉપપ્રમુખ, મહામંત્રી, ખજાનચી અને મંત્રીઓ સહિતના હોદ્દેદારોના નામો જાહેર કરવામાં આવશે.

નવા સંગઠનમાં તાજેતરના સામાજિક અને રાજકીય ઘટનાક્રમોની સ્પષ્ટ છાપ જોવા મળશે. પક્ષમાં નવી ઉર્જા ફુંકવા માટે ૬૦ વર્ષથી ઓછી વય ધરાવતા ઉત્સાહી નેતાઓને મહત્તમ મહત્વના હોદ્દાઓ સોંપવાની વ્યૂહરચના બનાવવામાં આવી છે, જ્યારે પીઢ અને સિનિયર નેતાઓને માર્ગદર્શક કે સલાહકાર તરીકેની ભૂમિકા આપવામાં આવશે. પ્રદેશ સ્તર ઉપરાંત, રાજ્યભરના શહેર અને જિલ્લા સંગઠનોની કામગીરીની પણ બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી છે, જેમાં નબળી કામગીરી ધરાવતા ૮ થી ૧૦ જિલ્લાના પ્રમુખોને બદલવાની તૈયારીઓ પૂર્ણ કરી લેવાઈ છે. ચૂંટણી પૂર્વે સંગઠનમાં પ્રમુખ સિવાયના તમામ સ્તરે આ મુળભૂત ફેરફારો કરીને નવા હોદ્દેદારોને તેમની ટીમ બનાવવાનો પૂરતો સમય આપવામાં આવશે, જેથી તેઓ વિલંબ વગર ચૂંટણી પ્રચાર અને વ્યુહરચનામાં સક્રિય થઈ શકે. આ સાથે જ પક્ષ દ્વારા વહેલી તકે વિવિધ ચૂંટણી સમિતિઓની રચના કરીને ચૂંટણીલક્ષી પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવામાં આવશે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીના સંગ્રામમાં વિજય મેળવવાના લક્ષ્યાંક સાથે કોંગ્રેસે પોતાની તૈયારીઓ આક્રમક બનાવી દીધી છે. લાંબા સમયથી જેની રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત કોંગ્રેસનું નવું સંગઠન માળખું આખરે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું છે અને દિલ્હી હાઈકમાન્ડ દ્વારા ટૂંક સમયમાં જ તેની અધિકૃત જાહેરાત કરવામાં આવશે. માત્ર પ્રદેશ જ નહીં, પરંતુ જમીની સ્તરે પણ કાર્યકરોને સક્રિય કરવા માટે લોકલ સંગઠનમાં મોટા પાયે ફેરફારની તૈયારીઓ છે. અપેક્ષા મુજબનું પરફોર્મન્સ ન આપી શકનાર કે નબળી કામગીરી ધરાવતા રાજ્યના ૮ થી ૧૦ જિલ્લા અને શહેર પ્રમુખોને બદલીને તેમની જગ્યાએ નવા નેતાઓને કમાન સોંપવામાં આવશે. સંગઠનની જાહેરાત થતાં જ નવા હોદ્દેદારોને પોતપોતાની સ્થાનિક ટીમ બનાવવાનો નિર્ધારિત સમય આપીને તુરંત જ ચૂંટણીલક્ષી સમિતિઓ અને પ્રચાર કાર્યમાં જોતરી દેવામાં આવશે.

# આસ્થા સામે ફૂડ તંત્ર લાચાર

## શ્રાવણ માસમાં ફરાળના નામે ભેળસેળનો ખેલ, કાર્યવાહી માત્ર કાગળ પર? : ૪૪ પેઢીઓ પર તપાસનો ધમધમાટ





રાજકોટ, તા.૧

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ઉપવાસીઓની આસ્થા અને આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા હોવા છતાં મહાપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગની ઝુંબેશ માત્ર કાગળ પર સાબિત થઈ રહી છે. તંત્ર દ્વારા શહેરભરમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે પરંતુ કામગીરી માત્ર છુટક જથ્થાની જપ્તી અને નાના દંડ સુધી સીમિત રહેતા વેપારીઓમાં કોઈ ભય જોવા મળતો નથી. લોકો જેને પવિત્ર ફરાળ સમજીને આરોગે છે તેમાં લોટ અને સ્ટાર્ચની ભેળસેળ થતી હોવાનું ખુલ્લું પડવા છતાં તંત્ર દ્વારા છેલ્લા ત્રણેક દિવસમાં માત્ર ૫૨ કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો છે.

તપાસ દરમિયાન શહેરની ૪૪ જેટલી પેઢીઓમાં દરોડા પાડી ૩ પેઢીઓને લાયસન્સ, હાઈજેનિક કંડિશન અને સ્ટોરેજ બાબતે નોટિસ ફટકારી કુલ રૂ. ૩૫૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. મુંજકાના ઓરબીટ રોડ પર આવેલા કૃષ્ણમ કાઠિયાવાડીમાંથી વાસી સબ્જી, બાંધેલો લોટ અને પ્રિપેડ ફૂડ મળી આવતા ૨૦ કિલો માલનો નાશ કરી રૂ. ૧,૦૦૦નો દંડ વસૂલાયો હતો. આ ઉપરાંત ૧૫૦ ફુટ રિંગ રોડ પર જૈન સ્વીટ નમકીન એન્ડ સ્નેક્સમાં તપાસ કરતા મકાઈના લોટવાળી પેટીસ, મકાઈ સ્ટાર્ચ અને બટાટાના સ્ટાર્ચવાળો માવો મળી કુલ ૩૨ કિલો માલનો નાશ કરી રૂ. ૨,૦૦૦નો દંડ લેવાયો હતો. જ્યારે શાસ્ત્રીનગર સામે શ્રી લક્ષ્મી સ્વીટ એન્ડ ફરસાણમાંથી રૂ. ૫૦૦નો ચાર્જ વસૂલી તીખા ગાંઠિયાનો સેમ્પલ લેવાયો હતો.

આ કાર્યવાહી અંતર્ગત ફૂડ એક્ટ હેઠળ જુદી જુદી પેઢીઓમાંથી ફરસાણ અને નમકીનના ૧૭ સેમ્પલ લઈ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. જેમાં હરભોલે ફરસાણમાંથી પાપડી, જલારામ ફરસાણમાંથી નાયલોન સેવ અને તીખા ગાંઠિયા, શ્રી મુરલીધર ફરસાણમાંથી સેવ, પારસ ફરસાણમાંથી પાપડી, શ્યામ સિંગ એન્ડ નમકીનમાંથી શક્કરપારા, શ્રીનાથજી ફરસાણમાંથી ગુલાબપુરી, શ્રી બહુચરાજી સ્વીટમાંથી મેથીના ગાંઠિયા અને સેવ ગુંદી, ચામુંડા ફરસાણમાંથી તીખા ગાંઠિયા, હરભોલે ફરસાણમાંથી તીખી પાપડી, જલિયાણ ફરસાણમાંથી ભાવનગરી ગાંઠિયા તથા શ્રીરામ ફરસાણમાંથી ચંપાકલી ગાંઠિયાના સેમ્પલનો સમાવેશ થાય છે.

આ સિવાય ફૂડ વિભાગે શહેરની અન્ય ૨૯ પેઢીઓમાં પણ સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં જલારામ શોપિંગ સેન્ટર, રાધે સોડા શોપ, પટેલ શોપિંગ સેન્ટર, વિવિધ ડેરી ફાર્મ, બડીઝ પીઝા, બર્ગર કિંગ, સાગર એગ્ઝ ઝોન, રામેશ્વરમ મદ્રાસ કાફે, પટેલ વિહાર રેસ્ટોરન્ટ અને સેલિબ્રેશન ફેમિલી રેસ્ટોરન્ટ જેવી નામી-અનામી પેઢીઓનો સમાવેશ થાય છે. શ્રાવણ માસમાં થતી આવી ગંભીર ભેળસેળ સામે તંત્ર કોઈ કડક દાખલો બેસાડશે કે પછી માત્ર દંડ વસૂલીને સંતોષ માનશે તે સામે જનતામાં રોષ જોવા મળી રહ્યો છે.

# સરકારી જમીન હડપ કરનારની ખેર નહીં

## મહીકાની શિવમ પાર્ક રેસીડેન્સી તોડી પાડવાનો હુકમ કલેકટરે રાખ્યો કાયમ



રાજકોટ, તા. ૧

રાજકોટના ભાવનગર રોડ પર આવેલા મહિકા ગામમાં સરકારી ખરાબાની કરોડોની કિંમતી જમીન પર ગેરકાયદે કબ્જો જમાવી ઊભી કરાયેલી 'શિવમ પાર્ક રેસિડેન્સી' પ્રકરણમાં જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે ઐતિહાસિક અને સખત ચુકાદો આપ્યો છે. દબાણકારો દ્વારા કરાયેલી તમામ આખરી અપીલ અરજીઓ ફગાવી દઈને કલેક્ટર કોર્ટે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે સરકારી જમીન પચાવી પાડનારાઓ સામે હવે તંત્રનું આકરું 'મેગા ડિમોલિશન' અનિવાર્ય છે. નીચલી અદાલતોના હુકમો કાયમ રખાતા આગામી દિવસોમાં આ ગેરકાયદે સોસાયટી પર તંત્રનું બુલડોઝર ફરવાનો માર્ગ સંપૂર્ણપણે મોકળો થઈ ગયો છે.

આ સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર મુકેશ ડી. પટેલ અને તેના સાથીદારો છે, જેમણે અજ્ઞાન, શ્રમિક અને ગરીબ લોકોને નિશાન બનાવીને ઠગાઈનું મોટું જાળું પાથર્યું હતું. આ ભૂમાફિયાઓએ મહિકા ગામના સરકારી ખરાબા (સરવે નં. ૨૮૩ પૈકી ૧)ની કરોડોની જમીનને પોતાની ખાનગી માલિકીની (સરવે નં. ૨૦૦) જમીન તરીકે દર્શાવીને મોટું કૌભાંડ આચર્યું હતું. નિર્દોષ લોકોને આકર્ષક પ્લોટિંગની લાલચ આપી, બોગસ સનદ, નકલી શેર સર્ટિફિકેટ અને કાગળ પરની ખોટી પહોંચો પધરાવીને ગરીબ પરિવારોની આજીવનની ભેગી કરેલી મૂડી ખંખેરી લીધી હતી.

જ્યારે ભોગ બનનારા પરિવારોએ સ્થળ પર મકાનો બનાવી લીધા, ત્યારે આ સમગ્ર વિવાદ પ્રકાશમાં આવ્યો હતો. ત્યારબાદ રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ પેશકદમીનો કેસ ચલાવીને આ ગેરકાયદે બાંધકામ દૂર કરવા તેમજ દબાણકારોને દંડ કરવાનો સ્પષ્ટ હુકમ કરવામાં આવ્યો હતો. મામલતદારના આ આકરા આદેશ સામે દબાણકારોએ બચાવ માટે મદદનીશ કલેક્ટર (રાજકોટ શહેર-૨) સમક્ષ અપીલ કરી હતી, પરંતુ ત્યાં પણ તેમની અરજી ફગાવી દેવાતાં આખરે કલેક્ટર કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.

જિલ્લા કલેક્ટર કોર્ટે તમામ પક્ષકારોની રજૂઆતો, પુરાવાઓ અને લેખિત દલીલોને ઝીણવટપૂર્વક ધ્યાને લીધા બાદ અંતિમ ચુકાદો સંભળાવ્યો હતો. કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારી જમીન પર કરાયેલું આવું કૌભાંડી દબાણ કાયદાકીય રીતે કોઈપણ સંજોગોમાં ટકી શકે તેમ નથી. કલેક્ટર અને મામલતદારના અગાઉના હુકમોને બહાલ રાખવામાં આવ્યા હોવાથી, હવે સરકારી તંત્ર દ્વારા આ વિસ્તારમાં વિશાળ પોલીસ બંદોબસ્ત સાથે ગેરકાયદે મકાનો અને બાંધકામો જમીનદોસ્ત કરવા માટે મેગા ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવશે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsb.bank.in
(મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)



સોના ધિરાણ
ત્વરિત પેમેન્ટ
કોઈ છુપો ચાર્જ નહીં
પ્રતિ ગ્રામે મહતમ રકમનું ધિરાણ
ઓવરડ્રાફ્ટ સ્વરૂપે ધિરાણ સુવિધા
શરતોને આધિન
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 85117 85085માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક
સહકારથી સમૃદ્ધિ